# શોકયોની લડાઈ

અને

# પતિની પીડા.

એટલે

## અનિષ્ટ રૂઢીનાં માઠાં ફળ.

નિબંધ-રચનાર.

**કવિ મહાસુખરામ નરભેરામ ત્રવાડી,**

બીજી ઔદિચ્ય બ્રહ્મસમાજ વઢવાણમાં વાંચ્યો તે,
સમાજની ભલામણથી માગણી પ્રમાણે બક્ષ્યો તેથી;

**લોક હિતાર્થે છપાવી પ્રસિદ્ધ કર્યો.**

---

**નાનાલાલ દેવશંકર જાની.**

---

અમદાવાદ—"એંગ્લોવર્નાક્યુલર પ્રિંટીંગ પ્રેસ."


---

સને ૧૮૯૩ સંવત ૧૯૫૦

---

કિંમત અઢી આના.

# પ્રસ્તાવના.

આ દુનિઆમાં પશુ-પક્ષિ-માછલાં-કિટ અને વન-
સ્પતિમાં નરમાદાનું જોડું ઇશ્વરે સરજેલું છે. એટલુંજ નહિ
પણ કેટલાક પદાર્થોમાં પણ જોડું જોવામાં આવે છે. ત્યારે
સર્વેમાં સર્વોત્તમ મનુષ્ય તેમાં જોડું સૃજવામાં ઇશ્વરે મોટું
ડહાપણ વાપરેલું છે; એમ કહ્યા વિના ચાલશે નહિ. બી-
જા કરતાં મનુષ્યમાં જોડું બંધાય છે તે વિચાર પૂર્વકનું હો-
ય છે. અને તેમ ન હોય તો ખામી જણાય છે. મનુષ્યમાં
જોડું લગ્નથી થાય છે. લગ્ન એટલે જોડાઇ જવું અથવા
એક રૂપ થઇ જવું થાય તોજ ખરી મહતા પામે છે જે-
મ પાણી આદિ પ્રવાહી પદાર્થમાં-સાકર-મિઠું આદિ પદા-
ર્થ મળે છે ને પોતાનું સ્થાન સરખું રાખતા છતાં એકય-
તા કરી દે છે; તેમ લગ્નથી એકયતા ન થઇ હોય ત્યાં સુ-
ધી તે ખરૂં લગન થયું કહેવાય નહિ. સ્વભાવ ગુણા-
દિ મળતા હોય છે તે જોડું વધારે દિપે છે.

જોડું એક સ્ત્રિ અને એક પુરૂષથી થાય છે પૂર્વ કા-
ળથી આ વિશે ભિન્ન વાદ ચાલે છે. એક પુરૂષને એક ક-
રતાં વધારે સ્ત્રિ કરવમાં અપવાદ મૂકાતો નથી. એક કર-
તાં વધારે સ્ત્રિ કરવાને કેટલીક વખતે પુરૂષને કારણ મળે
છે. પણ એક કરતાં વધારે સ્ત્રિ કરનાર ભરથાર ભાગ્યેજ
સુખી હોય એમ લોક વાયકા પ્રસિદ્ધ છે. પૂર્વ કાળે સ્વયં-
વરનો ચાલ હતો છતાં એક કરતાં વધારે સ્ત્રિ કર્યાના દા-
ખલા બહુ છે. આધુનીક કાળમાં બાળ લગ્ન થવાને લીધે
બીજી સ્ત્રિ કરવી પડે છે. એમાં કારણ ઘણાં બને છે. બી-

જી સ્ત્રિ કરવા છતાં એ જોડામાં સંપ-સ્નેહ અને સંતતિ લાગ સેંકડા બંધ જોવામાં આવેલા છે; પણ સ્ત્રિ સુપાત્ર કે સુબુદ્ધિની હોય તેજ જણાય છે. નાહનો હજારો જોડાં દુઃખી અને ત્રાસ પામતાં જોઇએ છિએ. ત્રાસ પામતા જોડાનું અચ્છું એક ચરિત્ર જોડી કહાડવાને સુચવ્યા પ્રમાણે મારા પરમ મિત્ર કવિ મહાસુખ નરભેરામે રચ્યું છે. તે હાસ્ય રસમાં ઘણું અસરકારક અને બોધક થઇ પડે તેમ છે. જુવાનીમાં બીજી સ્ત્રિ કરવાથી ખુશી થનારને, જો દુષ્ટા સ્ત્રિ મળે તો કેવા દુઃખી થાય છે, તેનું આ આબેહુબ ચિત્ર છે. એ નિબંધ કવિએ મને મારી માગણીથી બીજી બ્રહ્મ સમાજમાં અર્પ્યો તેથી તેમનો આભાર માનું છું, પરંતુ એ નિબંધ જો સજ્જનોના વાંચવામાં આવે તે તેનો સદુપયોગ બીજાઓમાં ફેલાવશે તો કવિની મેહેનત સાફલ્ય થઇ અને મને કૃતાર્થ કર્યો માનીશ.

લી૦ સ્વજ્ઞાતિ સેવક.

**નાનાલાલ દેવશંકર જાની.**

---

## રૂઢીબળ.

હાલ કેટલીક રૂઢીઓ પ્રબળ થઈ પડી છે. શાસ્ત્રાધાર કરતાં પણ રૂઢીબળ વધ્યું છે. રૂઢીની સરૂવાત થતાં દેશકાળને અનુસરતું કાંઇ સબળ કારણ હશે, પણ હવે સબળ કારણ આ કાળને નહિ જોઇતું છતાં પણ રૂઢી બળ પ્રબળ થતું રહે છે. જેમકે પૂર્વકાળે બાળ લગ્ન થતાં નહિ એવા પ્રાચિન ગ્રંથોથી દાખલા મળે છે મધ્યકાળમાં મુસલમાની અમલથી બાળ લગ્ન કરવાને કેટલાંક કારણ હતાં. તે હવે નથી, છતાં સાંપ્રતકાળમાં એ રૂઢી બળ સબળજ છે. એનું ફળ હિંદુ પ્રજાએ બહુજ માઠું ચાખ્યું છે. વિ-

દ્દાનો પ્રયત્ન કરે છે, પણ રૂઢીગળ કમી થતુ નથી. તેમજ એકપર બીજી સ્ત્રિ કરવાનું દેશમાં રૂઢીબળ કમી થતું નથી. બંગાળાના કેટલાક ભાગમાં એક પુરૂષને બેસ્ત્રિ તો શું પણ ૨૫ થી વધારે સ્ત્રિઓ હોય છે દેનાર પણ સંખ્યા બંધ મળે છે. વળી કારજ જરાનાં પાયમાલ સ્થિતી ઉપર લાવી દેનારાં—મહા પ્રબળ રૂઢાથી જડ ઘાલી બેઠેલા રીવાજથી અનેક પ્રકારનાં ખરચો દાખલ થએલાં છે. એ એવાં તો આવશ્યક થઇ પડયાં છે કે તે કર્યા વિના ચાલેજ નહિ. ના કરે તો જબરાઈથી બંધુ વર્ગ જનો કરવાને ફરજ પાડે. આશું ઓછું શોકજનક છે? દેશને અધમ—કંગાલ અને પાયમાલ સ્થિતિ ઉપર લાવી મેલનાર નાનીરૂઢીઓનો તો પારજ નથી. દેશમાં ધંધો—રોજગાર દિન પ્રતિદિન કમિ થતો જાય છે. વૈભવ સુખાદિ સાધન વધતાં જાય છે, દેશમાં મોંઘવારી જાથુ ઘર કરીને રહીછે. દેશકાળ બદલાયો છે. પ્રાચિન—વિદ્યા—નિતી—ધર્મ—વ્યવ્હાર અસ્ત પામતો જાય છે. સેંકડો નવા વ્યવ્હાર અને રૂઢીઓ દાખલ થતાં જાય છે. તે પ્રસંગે દેશ બંધુ સમૂહે અને જ્ઞાતિ બંધુ સમૂહે વિચાર અને તપાસ કરવાની જરૂર શું નથી?

ભારત ખંડ વાશીઓમાં મૂળથી પ્રજાના ભિન્ન ભિન્ન વર્ગ પોતાના કર્તવ્ય કર્મ વડે પડેલા છે. વિદ્યા—નિતી—ધર્મ રૂઢી સદાચાર આદિ સહુ બોધકનું કામ કરનાર આ દેશમાં બ્રાહ્મણ વર્ગ છે. વેપાર કરનાર વાણિયા વીગેરે છે. સુતાર—કડિઆ એ ઇમારતી કામ કરનારજ છે. લુગડાં શીવવાનું કામ કરનાર દરજીજ જ્ઞાતિ મુકરર થએલી છે. વણવાનું કામ કરનાર વણકર મુખ્ય જાતિ છે. પગનું રક્ષણ

રૂપ જોડા શીવી દેનાર મોચીજ કામ કરે છે. ખેતીનું કામ કરનાર કણબી-કોળી એજ ઉત્તમ ધંધો કરી શકે છે. એજ પ્રકારે પોતાના કર્તવ્ય કર્મો વડે ભારત વાશીઓમાં કામની વહેંચાણ પૂર્વ કાળથી વહેંચાએલી છે.

વાણિયા આદિ વેપારી વર્ગો વેપારાદિમાં આવતી અડચણોનો તુરત વિચાર કરીને ફેરફાર કરતાં આપણે જોઈએ છિએ. મોચી દેશકાળને અનુંસરતા જોડા શીવવા લાગ્યા છે. દરજીએ પોતાનાં ઓજારો અને શીવણમાં ફેરફાર કર્યો છે. વણકરોમાં દેશકાળને અનુસરતો સુધારો જે કરી શકતા નથી તેને હેરાન થતા જોઈએ છિએ. ત્યારે બ્રાહ્મણ વર્ગ પોતાનું કર્તવ્ય કર્મ દેશકાળને અનુસરતું સુધારવા યત્નવાન ન થાય તો તેનું ફળ તે ભોગવે તેમાં બીજાને દોષ દેવા જોગ શાનો? વેદ સમયના પછી બૌદ્ધાદિકની સ્પર્ધામાં સ્મૃતિ-શ્રુતિ-પુરાણાદિકાવડે તે સમયાનુસાર કેટલો બધો સુધારો કાળને અનુંસરતો થયો હતો?

મહાવિદ્વાન ડાકટર હંટર લખે છે કે-હિંદ દેશમાં બ્રાહ્મણ વર્ગ છે તે, દેશનો વિદ્યા કોષ છે. નિતિ-ધર્મ પ્રવર્તક સમૂહ છે સદાચાર વ્યવહારમાં ચલાવનાર સર્વોપરી પ્રજાંકુશ છે ધર્મ સંરક્ષક કોટ છે દેશ પ્રજા બ્રહ્મ સમૂહપર વિશ્વાસ-શ્રદ્ધા અને પ્રેમ રાખે છે. બ્રાહ્મણ કર્તવ્યના બદલામાં અન્ન-વસ્ત્ર-ધન-સાહિત્ય આપે છે, અને માનપૂર્વક પુજે છે. !! આહા!! આટલી બધી અને આટલી મોટી પ્રજા બ્રાહ્મણોપર ફિદા રહે છે. તે બ્રાહ્મણોને પોતાના કર્તવ્ય કર્મમાં પાછળ પડવું ઘટે છે? પાછળ પડે તો પછી તેની મહત્વતા શું રહી શકશે? કહેવી જોઈએ!

# ઔદિચ્ય બ્રહ્મ સમાજનો ઇતિહાસ.

આટલા માટે બ્રાહ્મણ સમૂહે દેશ કાળને અનુસરતો નિતિ ધર્મમાં પ્રવર્તક થતો, રૂઢી વ્યવહારાદિકમાં કેટલોક સુધારો કરવો જરૂરનો છે. પ્રાચિન કાળમાં બ્રાહ્મણ ઋષિ સમૂહ એ પ્રકારે સુધારો અધિકાર પૂર્વક કરતા આવ્યા છે. ઋષિઓ દેશમાં-દેશ ચર્ચા કરવા નીકળતા. અનિષ્ટ રૂઢી, આચાર, નિતી, ધર્મ અને વ્યવહારની નિરીક્ષા કરતા. તે લખી રાખી ઋષી સમૂહ એક સ્થળમાં ભેગા મળતા. વિશેષે—નિમિષારણ્યમાં ઋષિ પંચમીએ એકઠા થતા. જોઇ આવેલા અને નોંધ કરેલા વિષયો પર ચરચા ચલાવતા. દીર્ઘ વિચાર પૂર્વક પછી સુત્રો એટલે નિયમો બાંધતા. એ નિયમો રાજા પ્રજામાં ફેલાવતા છાપાં નહોતાં. છતાં આખા દેશમાં પ્રસિદ્ધીમાં આવતા. એવા ઋષિ તનુજો—શું કરીએ? કહી શુદ્રવત્ બની બેશી રહેતો—મહતા પાત્ર રહી શકશે?

મુંબાઇ ઇલાકામાં બ્રાહ્મણ સમૂહમાં ઔદિચ્ય બ્રાહ્મણ મોટા જથામાં છે. લગભગ બે લાખ વસ્તી ઔદિચ્યોની જણાય છે તે મોટા સમૂહે પ્રથમ પેહેલ કરવી જરૂરની છે. દયાળુ મહારાણી શ્રી "કૈસરે હિંદ"ના પ્રતાપે દેશ શાંતિમાં છે. એકથી બીજે સ્થળે જવાની સુગમતા અને સાધનો છે. વાઘ અને બકરીનો એક ઇનસાફ છે. પોતાની નિતી અને ધર્મ જાળવવાની છુટ છે. આગળના ઋષિઓની પેઠે અસહ્ય દુઃખો વેઠવાં પડે તેવું છે નહિ અરસપરસનો સંબંધ તુટી ગયેલો ફરી જાગૃત કરવાને અનેક સાધન થયાં છે. ત્યારે એવો કોણ દુર્ભાગી હશે કે તેનો લાભ નહિ લેઇ શકે!

આટલા કારણથી "ઔદિચ્ય બ્રહ્મ સમાજ" મેળવવાનું મનપર આવ્યું. બીજો પ્રતાપ "નેશનલ કોન્ગ્રેસનો" તે જોવા પરથી જુદી જુદી કોમોમાં એ વિચાર ઉત્પન્ન થયો. પંજાબમાં "કાયસ્થ સમાજ" આસરે ૭ સાત વર્ષ પર મળ્યો. તે વખતે હું અમદાવાદથી દુર વલસાડ પાસે બદેલી ગામમાં હતો વર્તમાન પત્રો ઉપરથી જાણ્યું. જેમ ઔદિચ્ય બ્રહ્મ સમાજ એ પ્રકારે મળે તો કેવા અને કેટલા બધા લાભ થાય ? એ વિચાર અહરનિશ મનમાં ઘોળાવા લાગ્યા. તેના ફાયદાના તરંગો મનમાં આવવા લાગ્યા. જરૂરતા વિશે મનમાં દ્રઢતા થવા લાગી, મારે એક પત્ર બદેલી ગામથી સને ૧૮૮૮માં "અમદાવાદ ઔદિચ્ય હિતેચ્છુ" સભા ઉપર લખીને સર્વ નિવેદન કર્યું એ પત્ર ચોપાનીઆમાં પ્રસિદ્ધ કરવા વિનંતી કરી, અન્ય સ્થળના ઔદિચ્ય બંધુઓને પત્ર લખવા પડે અને પોષ્ટ ખરચ કાંઇ કરવું પડે તે આપવા જણાવ્યું. સેક્રેટરી રા. રા. પ્રાણગોવિંદદાસ રાજારામ મેહેતાજી હતા. ઇશ્વર ઇચ્છાએ મારો પત્ર કચરાની ટોપલીને સ્વાધીન થયો.

"ઔદિચ્ય હિતેચ્છુ સભા" સંવત ૧૯૩૦ માં સ્થાપીત થઇ હતી. તે પેહેલાં મારા મિત્રો કવિ ખુશાલીરામ ચકુભાઇ, શુકલ ખુશાલીરામ નારણજી, જાની રણછોડલાલ કીરપાશંકર, વ્યાસ કેશવલાલ દલપતરામ વિગેરે મિત્રો એક સ્થળમાં સંવત ૧૯૨૮માં મળતા, મિત્ર મેળાપ સભામાંથી જ્ઞાતિલાભની સભા મેળવવાનો વિચાર થયો. તેને માટે મિટીંગ મેળવવી ઠરી. સગવડી મિત્રો સમેલ થયા. આગળ કામ વધશે એમ

લાગ્યું. અમદાવાદ નં ૩ ની નિશાળના મેહેતાજી રા. રા. પ્રાણગોવિંદદાસ રાજારામ ઠાકરની મદદ લીધી. તેમણે નિશાળમાં સભા મળવા દેવાને હા કહી. મોટા ગૃહસ્થો સામેલ થવા ચ્હાવા લાગ્યા અને જગાન થશે એમ લાગ્યું તેથી સભાનું બંધારણ બાંધ્યું તે વખતે મેહેતાજી પ્રાણગોવિંદદાસ રાજારામ રા. રા. ત્રીભોવનદાસ બાપાલાલ જાની, વીગેરે સામેલ થયા ને કામ ઉપાડી લીધું. લગભગ ૧૯૨ મેંબરો નોંધાયા. ઈશ્વર કૃપાથી મેહેનતનું સાફલ્ય થશે એમ લાગ્યું. આદિત્ય હિતેચ્છુ ચોપાનીયું ચાલુ થયું. સરૂવાતે ૮૦૦ નકલ અપવા લાગી. પરંતુ મિત્ર મંડળમાંથી કવિ બુલાખીરામ, રણછોડલાલ, કેશવલાલ અને મારી બદલી તથા કેટલાક બીજા ઉદ્યોગી મિત્રોની બદલી બહાર ગામ થતે થાય. જ્યાં વિનય–ન્યાય–વિવેકથી સદ્બોધનું કામ થાય ત્યાં હોંશથી લોકો સાંભળવા આવે. ઉલટું થાયતો રાગ દ્વેષ પેસે. લોક હેતુ તરફ વિચાર કરતા નથી. સભાની ક્ષિણતા થવા લાગી. અરે !! સભાના આગેવાન ઉપર જ્ઞાતિજન તરફથી હુમલો પણ થયો. સભામાં ૫–૭ મેંબરજ રહે તેમ જણાયું. અફસોસ થવા લાગ્યો. સમજુ મિત્રોએ સભાને સાબદા આપવા વિચાર જણાવ્યો. સભા ચિરકાળ ટકી રહે એવી યોજના ઘડી કાઢવાની પ્રેરણા થવા લાગી અને લાઇફ મેંબર થવાની ફી રૂ ૧૦) અને તેથી વધારે આપે તો પોતાની યોજના—એમ રા. રા. દામોદરદાસ સાંકળેશ્વરની દરખાસ્ત ઉપરથી ઠરાવ થયો. સરૂવાતે જુજ મેંબર થયા. આગળ વખત જતાં ઉન્નતિ થવા આશા બંધાવા લાગી.

ઇશ્વર કૃપાએ મારી બદલી રા. રા. પ્રાણગોવિંદદાસની જગોએ, અમદાવાદ ખાતે સં. ૧૯૪૮માં થઇ. સેક્રેટરીનું કામ સભાએ મારે માથે નાંખ્યું. ચોપાનીઉં ચલાવવામાં અને બીજી બધી બાબતોમા કવિ મહાસુખરામ વિગેરે મિત્રોએ સારી સાહ્યતા આપી. ચોપાનીઆના ગ્રાહક ૪૦૦ ઉપરથી ૬૦૦ ઉપર થયા. પરગામ ખાતે સદ્બોધ થૈ જવાનો પ્રસંગ બનવા લાગ્યો. સુરત અને વડોદરે જવાથી ત્યાં સભા સ્થાપન થઇ. કડીમાં પત્ર વ્યવહારથી ફરી સભા સ્થાપન થઇ. લાઇફ મેંબરો વધવા લાગ્યા. સનાતનિક નિત્ય બ્રાહ્મણ કર્મ શીખીને પાસ થનાર બાળકો માટે ઇનામ આપવાનું ફંડ સ્થાપ્યું, નેશનલ કોનગ્રેસમાં ઔદિચ્ય હિતેચ્છુ સભાનો મેંબર માગવાનો પત્ર આવ્યો. યોગ્ય ગૃહસ્થોને મોકલવા પૂછવામાં આવ્યું. તેમાંથી રા. રા. ગિરિજાશંકર કાશીરામ દ્વિવેદી ગયા. ગયા તેનું ફળ ઔદિચ્ય સભામાં આવીને જાહેર કર્યું. તેથી સભામાં ઉત્સાહ વધ્યો અને "ઔદિચ્ય બ્રહ્મ સમાજ" મળે તો સારૂં. તેને પુષ્ટી મળી નાણાં વગર શી રીતે પાર પડે? તે સવાલ ઉત્પન્ન થયો રા. રા. દામોદરદાસ સાંકળેશ્વરે વિચાર બતાવ્યો કે કાંઇ અડચું નહિં રહે. રા. રા. ડાકટર જગનનાથ કેશવરામ ભટ્ટની અમદાવાદ ખાતે બદલી થઇ ને ઉત્સાહમાં ભાગ લેવા માંડ્યો. પાંચ દશ મહિના વિતી ગયા. પૈસા વગર ઢીંગલો ઘૂઘરે ક્યાંથી રમે? કોઇ સદ્ગૃહસ્થ સારી મદદ કરે તો પાર પડે માટે વડોદરા–સિદ્ધપુર–પાટણ–ઇડર અને કાઠીઆવાડમાં ઔદિચ્ય જાગીરદારો તરફ ગુપ્ત તજવીજ ચલાવી. મારા પરમ મિત્ર રા. રા. ગણપતરામ હરગોવિંદ

અધ્યારૂની સાથે વડોદરે ગયો. જેમને ઘેર બે ત્રણ ગામ છે, વડોદરા રાજ્યમાં સરદાર વર્ગમાં ગણાય છે, એવા શૂરેશ્વર ફુગ દિપક સદા રા. રા મોતીલાલ અમૃતરામ દેસાઇ અને નાનાભાઇ–, રણછોડલાલ અમૃતરામને મળતાં આ વિચારને અનુમોદન મળ્યું. આ પ્રસંગમાં રા. રા. મણીલાલ મૂળજીએ સારી મેહેનત લીધી દેશાઇજીએ રૂ૧૫૦) સુધી મદદ દેવા માટે પત્ર લખી જણાવ્યો એ પત્ર ગૌહિતેચ્છુ ચોપાનીઆમાં પ્રસિદ્ધ થયો છે. તે સંબંધ રાખતી ઓફિસ કાગળો મેળવવાની આવશ્યકતા છે કે નહિ તેના વિષય ચોપાનીઆમાં જારી રાખ્યો. ગૌરક્ષાના ઉપદેશક મેહેતા રા. રા. જટાશંકર ગૌરીશંકરે આ વિષયનું લગતું એક ફરમાનું ચોપાનીયું ૫૦૦૦ નકલ કાઢીને ફેલાવ્યું. તેના ખર્ચમાં રા. રા. છગનલાલ અંબારામે મદદ આપી. ઘણી બાજુએથી સમાજ મળવાની જરૂર છે એમ બતાવવામાં આવ્યું. કામ મોટું, નાણું નહિ સભામાં સવાલ મૂકતાં ટીપ કરવા વિચાર થયો.

ટીપમાં પુરતી રકમ ભરાશે નહિ એમ ભાસ્યું. અમદાવાદની બહારના બંધુઓનાં નાણાં ટીપમાં ભરાવવામાં આવે તો પછી બહાર ગામ ફરીને સમાજ મળે ત્યારે ત્યારે ટીપમાં અમદાવાદીએ નાણાં ભરવાં જોઇએ, એ વિચાર ઘોળાવા લાગ્યો. એવી સમાજની આવરદા લાંબી રહેવી મુશ્કેલ થાય માટે કોઇ એકલીજ તરફની મદદ મળે તો સારૂ, એ તજવીજ ચાલુ હતી મારા સગામાં એક બાઇ ગુજરી ગયાં હતાં. તેમને પાછળ કાંઇ સંતાન હતું નહિ. તેમનાં કારજ વરા ખર્ચ કર્યા પછી બચેલા રૂપૈઆ એક શા-

હુકારને ત્યાં મૂકેલા હતા. એ રૂપૈઆ સારા કામમાં વાપરવાનો હેતુ હતો. તે નાણું આપવા સંબંધી તે શાહુકારને પૂછવાથી આ કામમાં આપવાની હા કહી. ને ખુશી બતાવી: આ વાત સભામાં મૂકી સભા ખુશી થઇ. કોઇ મિત્ર રા. રા. રામનારાયણ હીરાશંકર અનાવીલે મંડપ ચિતરેલું પરચુરણ ખરચ આપવા ખુશી બતાવી: ઉત્સાહ વધ્યો. ત્યાર પછી રા. રા. પ્રાણગોવિંદદાસે બીજા ત્રણ માણસો ત્રણ દિવસનું ખરચ ઉઠાવી લેવા ખુશી છે. એમ જણાવ્યું. રા. રા. બાપાલાલ છગનલાલે પણ એક માણસ બાધું ખર્ચ આપવાને વિચાર કરે છે એમ કહ્યું. સભાએ મારા કહેવા ઉપર વજન રાખી આમંત્રણ પત્રો કાઢ્યાં. સારાં કામમાં સો વિઘ્ન એ કહેવત થઇ. શાહુકારને સમાજના દ્વેષીએ ભમાવ્યો. ને રૂપૈઆ આપવા બંધ કરાવ્યા - આમંત્રણો ફરી વળ્યાં. નાણાં વિના કેમ થાય? ઇશ્વર પ્રેરણાથી ધણા રૂપૈઆ આપ્યા હિસાબ રાખી ભોજન વ્યવસ્થા રા. રા. દામોદરદાસને સભાએ નીમ્યા. આ હકીકત બની. ગણુનેતો પતરામ લક્ષ્મીરામને નિવેદન કરવાથી તેમણે રૂ ૧૫૧) ભોજન ખર્ચ માટે આપ્યા. તે સભાએ તેમને પાછા આપ્યા. સમાજ અમદાવાદમાં સંવત ૧૯૪૮ ના ચૈત્રમાં મળી.

ઔદિચ્યો ભિક્ષુકો જેવા નથી. વિદ્યા, નિતી, ધર્માચાર, વ્યવહારાદિકમાં કુશળ છે. રાજકાજમાં સારા સારા હોદ્દા ઉપર પણ છે. કોઇ ગામ ધણી—કોઇ વેપારી—કોઇ ધર્મ શાસ્ત્રી અને કોઇ ન્યાયાધિશો છે. કોઇ વેદ પાઠી કોઇ અગ્નીહોત્રી, કોઇ વૈદક શાસ્ત્રી અને કોઇ ધર્મ ઉપદેશકો છે. કોઇ જ્યોતિશ શાસ્ત્રી, કોઇ ધર્માચાર્ય, કોઇ પૌરાણીકો અને શાળા પાઠકો પણ છે. એવી રીતે આવેલા

વિદ્વાનોથી પ્રદર્શીત થયું. જે અનુમાનથી ધારવામાં આવતું તે નજરે જોવાથી સર્વની ખાત્રી થઇ તેથી સ્વામી નારાયણ મહારાજશ્રી તરફથી એક દીવસ ભોજન કરાવવાને સમાજને આમંત્રણ દીધું. ત્રીજે વર્ષે શ્રી સમાજ મેળવવાની મુંબાઈ અંદર વધામણી ખોળ્યાર થયા. બીજે વર્ષે સંવત ૧૯૪૪ ના [illegible] મોટા પાયાપર સમાજ મળી વધારે સારા પાયા પર નિયમો બાંધ્યા. જ્ઞાતિ વિદ્યા વૃદ્ધિ માટે ફંડ સ્થાપ્યું, સમાજમાં ૮૧ લાઇફ મેમ્બર ફી ભરીને થયા. આર્ડિનરી સભાસદો લાઈફ મેમ્બર ૪૦ ઉપરથી ૧૦૦ થયા. આ સાલ મુંબાઇમાં સમાજ મળશે પ્રભુ તેને નિરંતર નભાવે એવી પ્રભુપાસે પ્રાર્થના વિદ્વાન સજ્જનો કરવા લાગ્યા છે.

પરંતુ સૌ સરખા વિચારના હોતા નથી. સારું કામ પાર પડે તો તેના દ્વેષીઓ માંહે સામેલ થઇને પણ તે કરનારને વિઘ્નમાં નાંખવાને પેરવી કરે છે. ધંધા રોજગારમાં, ઘર ખટલામાં, સગા સંબંધીમાં, નાતવેહેવારમાં પણ વિઘ્નમાં નાંખવા ઘાટ રચે છે, ગામ ઘર ખટલામાં, સગા સંબંધીમાં વિરોધ ઘલાવે ઈશ્વરેચ્છા સત્યમેવજયતિ.

काजल तजे न स्यामता, मुक्ता तजे न स्वेत;
दुरजिन तजे नांहि कुटिलता, सज्जन तजे न हेत ।

---

दुष्टा भार्या शठं मित्रम्, भृत्यो श्रोतर दायकम्;
ससर्पेषु गृहे वासो, मृत्यु रेव न संशयः ॥

# ઔદિચ્ય બ્રહ્મ સમાજની ઉત્પતિ.

## કુંડળીયા.

કવિઃ—દક્ષ દેવશંકર તણા, સુપુત્ર સુમતિ નિધાન,
નિર્મળ નાનાલાલ ન૨, ભવ્ય ઊગ્યો કુળભાણુ;
ભવ્ય ઊગ્યો કુળભાણુ, પરમ પુન્યવાન પ્રતાપી,
જ્ઞાના ગુણ ગંભીર, વીર નિરમાની તથાપી;
વાણી વિલાસી વિદ્વજન, અંતરમાં વ્હાલા ઘણા,
ભાગ્યવાન ભોગી સુઘડ, દક્ષ દેવશંકર તણા. ૧
શ્રેષ્ઠ ઉદિચ્યમાં શાખ છે, રાજનગર મોઝાર,
ઉત્તમ કુળ યાજ્ઞિક વિષે, ઉજવળ નિજ અવતાર;
ઉજવળ નિજ અવતાર, મુળથી નયને નિરખ્યો,
ગિર વ્હારે ચઢનાર, પરમ ઉપકારી પરખ્યો;
લાયક સુખ દાયક સકળ, લાજ રૂપૈયા લાખ છે.
કલ્યાણજી કુલ કુળમણી, શ્રેષ્ઠ ઉદિચમાં શાખ છે. ૨
દાનો દિન દુઃખ ભંજણો, મોજી મન નિમાન,
દલ નવ દુભે કોયનું, રસિક નવે રસ જાણ;
રસિક નવે રસ જાણ, સુધારા કેરો સાથી;
દુષ્ટ રૂઢી દળનાર, ભૂદેવો ગઢો ભાગી,
આદ્ય વર્ણ આરામ કર, કોટ સુકિર્તિના ચણો;
મિત્ર મહાસુખ ગાબરો, દાનો દિન દુખ ભંજણો. ૩
એક નેક ઉર ટેક છે, વ્યર્થ ન વદે વચન,
અર્થ પારચવે આગળો, જ્યાં માને નિજ મન;
જ્યાં માને નિજ મન, તન ધન નાંખે વારી,
ગજા થકી પણ ઘણું, કામ આરંભે ધારી;
મ્હેતાજી મન રંજનો, વિશાળ ઉર વિવેક છે,

તજે ન વિશ્વમાં કર મશું, એક તેક ઉર ટેક છે. ૪
ઔદિચ્ય બ્રહ્મ સમાજનો, મૂળ પુરૂષ મહા ભાગ,
કાર્ય કર્તાની કિર્તિ વિશે, ઉરમાં ઉલટ અથાગ;
ઉરમાં ઉલટ અથાગ, જુગતથી કામળ ચાટે;
ફરી પ્રેરણા પ્રથમ, સભાને શુભ કૃત્ય ગાટે;
દેશ વિદેશે ફરિ ફરી, કિધ આદર શુભ કાજનો;
ચરચો વિનય ચતુરો વિશે, ઔદિચ્ય બ્રહ્મ સમાજનો. ૫
દેશ પ્રસિદ્ધ દેશાઇ છે મહા મણિ [1]મોતીલાલ,
રસિયા ફિર [2]રણછોડભાઇ, ધીંગી દીધી ઢાલ;
ધીંગી દીધી ઢાલ, [3]મણીભાઇ, [4]ગણપતરામે.
[5]ગીરજાશંકર દવે, [6]કલ્યાણજી ગચ્છા સુકામે
ડાકટર [7]ઉત્તમરામજી, [8]જગન્નાથ ગુણ ગ્રાહી છે;
[9]મોરલીધર, [10]પ્રહલાદજી, દેશ પ્રસિદ્ધ દેશાઇ છે. ૬
જાની [11]ત્રિભુવનદાસને, [12]રણછોડ ગંગારામ,
[13]પ્રાણ—[14]પ્રાણગોવિંદ વળિ, હરનારણ [15]સુખધામ;
[16]હરનારણ સુખ ધામ, બહુ વદિ [17]બાપાલાલે.

---

ટીપ—૧ મોતીલાલ અમૃતરામ દેશાઇ, ૨ રણછોડભાઇ અમૃતરામ દેશાઇ, ૩ મણીલાલ મૂળજી મેહેતા, ૪ ગણપતરામ હરગોવિંદ અધ્યારૂ, ૫ ગિરીજાશંકર કાશીરામ દવે, ૬ કલ્યાણજી પુંજારામ જાની, ૭ ઉત્તમરામ જીવણરામ, ૮ જગન્નાથ કેશવરામ ભટ, ૯ મોરલીધર આત્મારામ. ૧૦ પ્રેહેલાદજી, દોલાશંકર જાની ૧૧ ત્રીભુવનદાસ બાપાલાલ જાની; ૧૨ રણછોડલાલ ગંગારામ દવે, ૧૩ પ્રાણશંકર નારણ વ્યાસ, ૧૪ પ્રાણગોવિંદ રાજારામ ઠાકર, ૧૫ હરનારણ રામજી જાની, ૧૬ હરનારણભાઇ કુબેરજી ત્રવાડી, ૧૭ બાપાલાલ છગનલાલ દવે,

[18]તાપીશંકર વળી, [19][20]ખુશાલી ભીમને આવે,
તેવાર કવિ ઉમરૂ કથી, કરતા પુરણ આશને;
મહાસુખ [22]વિદ્યારામ વળિ, જાની ત્રિભુવનદાસને ૭
શૂર ઉપજાવ્યું સર્વને, દ્વેષ લાવેણો બોધ,
ગતમાં લીધા મ્હાનજન, સત્વર કરીને શોધ;
સત્વર કરીને શોધ, વિપ્ર વર ભેગા કીધા.
રચી રત્નની માળ, ભાવતાં ભોજન દીધાં,
પ્રભુ પ્રિત્યર્થે પગલુ ભર્યું, ઘટથી તજિયો ગર્વને;
વાવ્યું બીજ સમાજનું, શૂર ઉપજાવી સર્વને. ૮
જણ્યા જનનીએ જક્તમાં, ઔદિચ્ય હિત મ્હાનાર,
મૃગરાજ સિંધરાજ નૃપ, વિપ્ર વિપત હરનાર;
વિપ્ર વિપત હરનાર, આજ એ અંશજ આવ્યા.
નિશ્ચય નાનાનાલાલ, [23] ભલે દામોદર કાવ્યા,
[24] રૂડા રામ નારણુ વળી, સભા સુગટ શિર જક્તમાં;
વેણીભાઇ બહાદુર તે, જણ્યા જનનીએ જક્તમાં ૯
વાતે સર્વ વડાં કરે, ડાંપણ ડોળે ફોક,
ધન ખરચી ધાનારતો, સહુ કરમી નર કોક;
સહુ કરમી નર કોક, હોરાશંકર સુત દીઠો.
નૌતમ નાનાલાલ મણી મંગળ મુખ મીઠો,
વિરના કષ્ટ વિડારતા, ઇલાજ ઉત્તમ આચરે;

૧૮ તાપીશંકર ગીરજાશંકર ત્રવાડી. ૧૯ ખુશાલીરામ નારણજી દવે. ૨૦ ખુશાલીદાસ મહાશંકર દવે, ૨૧ કવિ મહાસુખરામ નરભેરામ ત્રવાડી ૨૨ વિદ્યારામ હસસુખરામ જાની. ૨૩ દામોદરદાસ સાંકળેશ્વર રાવળ, ૨૪ રામનારણ કૃપાશંકર ત્રવાડી;

મહાસુખ ધનને જાળવી વાને સર્વ વડાં કરે. ૧૦
વિનતાના વાડા ભાગી, ઊદ્યમો કરે અધર્મ,
સુખે ન બેસે સર્વદા, પિડાય છે પતિ ધર્મ;
પિડાય છે પતિ ધર્મ, પ્રેમદા રેડે આંસુ,
નાત ઘણી નિંદાય, ફજેતી ફેલે ફાંસુ;
એ અન્યા જડથી જવા, આ બોધક સત શાસ્ત્ર કરી;
મહાસુખ વિર મોટાઇ તજે, વિનતાના વાડા ભરી-૧૧
વાંચી બ્રહ્મ સમાજમાં, રાખ્યા નાનાલાલ.
વાચા કષ્ટ નિવારવા, વધા ધરીને વ્હાલ.
વધા ધરીને વ્હાલ; છપાવા નિબંધ માગ્યો.
હરખ્યો બ્રહ્મ સમાજ, કવીને લાયક લાગ્યો,
બક્ષ્યો ઉર સંતોષીને, સ્વજ્ઞાતિ હિત ઇલાજમાં;
જ્ઞાન સુધરશે ભય જશે, વાંચી બ્રહ્મ સમાજમાં. ૧૨
સદ્ગુણુ ન્યાળી સર્વદા, ફિરતી વત્ જોઇ કામ,
આનંદી બક્ષિસ કરે, આ પુસ્તક અભિરામ;
આ પુસ્તક આભરામ, સ્વિકારો સ્નેહજ આણી.
મુજ સાથે તવ નામ, સુભાગ આ પ્રેમ નિશાની,
ઉજ્જવળ યશ અવિચળ રહો, ઈશ્વર હરજો આપદા;
મન વાંચ્છિત મ્હા સુખ મળો. સદ્ગુણુ ન્યાળી સર્વદા ૧૩

# ક્ષત્રિયા દુઃખ.

દોહરો.

સુંદર બ્રહ્મ સમાજને, દિર્ઘાયુષ્ય કરિ દેવ;
આપો આનંદ નિત નવો, કરે સુકૃત્ય નિત મેવ. 1

ઝુલણા છંદ.

આ સમે આર્યમાં અજ્ઞ નભ વ્યાપિયું,
ટેક તીમીર થયું ભાગ સરખે;
સુખદ સુમતિ તણો અસ્ત આદિત થયો,
વીર ભિન્ન ભિન્ન વિપત નિત્ય નરખે.
દંપતી ધર્મ નરનારિ ધારે નહીં,
સત્ય નવ સુખનાં સાજ પરખે;
વિપ્ર ક્ષત્રી વણિક શુદ્ર સુમને મરી,
આપની છાપથી આપ હરખે. 1
પ્રેમદાઓ પશુ તુલ્ય પતિવ્રત તજે,
એક પત્નીવ્રત કંથ ભૂલે;
સુખદ સુ શિયળ રક્ષણ કરે નહીં રિતે,
મોહની જાળમાં મૂર્ખ ઝૂલે;
વર્ણ સંકર પ્રજા નિપજે વંશમાં,
એશ આરામનાં ઠામ ડૂલે;
દૈવ કોપે વડી દુર્દશા નીવડી,
તોય ફરિ ફંદમાં ફોક ફૂલે. 2
ગર્વ ગગને ચડી કંઇક વરણાગિયા,
એક ઊપર બિજી સ્હેજ આણે;

ના નિભાવે ત્રિયા એકથી આપ ગૃહ,
વીર વાડો ભરી કષ્ટમાણે.
સૂર્ય વાયૂ હુતાશન તણી સાક્ષિએ,
જોડ બંધન બની જક્ત જાણે:
અર્ધ વપુ એકનું ઉભયને વ્હેંચતાં,
શાસ્ત્રકારે કરી સ્વાર્થ તાણે. ૩
ન્યાય તોળે નહીં તર્ક વિષે ટેક ધરી,
પોત-પોતે ખુએ દાગ ગારે;
ખાટકીને ગ્રહે જેમ બાંધી અજા,
પત્નિ પીડે પતી એજ ધારે.
માતને તાત અંધા બની તોય પણ,
શોકયપર દે સુતા લાજ સાટે;
ચિત્તમાં હિત્ત દુહિતા તણું નવ ચહે,
દુઃખમાં દીનને રહેજ દાટે. ૪
પર્મ પરતાય મા બાપ પુત્રી રડે,
દ્વિત્રિયાના દૂખે કંથ દાઝે;
આબરૂ આંજ ફુધગ ટળે કલેશથી,
ઐરિયો ઓકડાપેર બાઝે;
કુંઇક વિનતા વ્યભિચાર કવશે કરે,
કુંઇક ખોળી કૂવા ભાર ભાંજે;
કાંઈક જોગી બની જાય જંગલ વિષે,
લાજના લાલચું તો ન લાજે. ૫

દોહરો.

તે કારણ કહું કલ્પિને, દ્વય દારાનું દુઃખ;
સુણિને સંજ્જન સમજશે, તો સાંપડશે સુખ. ૬

## મનહર છંદ.

સજ્જનનાં મન અતિ રંજન થવાને રચ્યું,
વરણન દ્વિત્રિયાના દુઃખનુ ખચિત્ત છે;
શોકય તણી રાડ નજરાણો કરૂં નવલ તે,
નરને અસરકર સ્વદેશીનું હિત્ત છે.

સાવજના જેવા નર શિયાળ બનેછે કેમ,
ચતુરાના અવનીમાં આકળ ચરિત્ર છે;
ચાબુક છે ચેતવણી ચિતે નર ચતુરને,
ચળેલની પીઠે ચારૂ ચાબુક કવિત છે. ૭

રૂડા રાજ નગરમાં ઉત્તમ ઉદિચ્ય દ્વિજ,
ભગાનંદ નામે ભટ્ટ સુકુલીન માની છે;
અસલથી સદનની આબરૂ અધિક અને,
શાહુકાર તણે ઘેર ચાકરી પોતાની છે;
મુસારો મળે છે ખટ્ટ માસે ખટ ત્રીશ અને,
જુજ જજમાન તણી અન્ય આવદાની છે;
જુવાનીમાં તેણે જુની જુવતીની ઉપરતો,
નવી નારી નેહ ધરી કડી તણી આણી છે. ૮

વાંક ન વિચાર્યો કાંક ટાંક જુની જુવતીનો,
સ્વસુરનુ ખાધેલું ન અંતરમાં આણીયું;
હાથી તણા ખરચનો હૈયે ન હિસાબ કર્યો,
જાત તણું જોર નવ ઊરમાં પ્રમાણિયું;
કેટલી કમાણી તેનો કેવળ ન ક્યાસ કર્યો,
અમૃતના જેવું અતિ વિષ ઉરે જાણિયું;
કૂળ તણા મદમાં વિચાર્યા વિના કુમતિએ,
સંકટનું સકટ તો સ્નેહ ધરી તાણીયું. ૯

કાંક લલચાયું મન પરમ પ્હેરામણીથી,
કાંક સારા સગપણમાં નજર અનાણી છે;
કાંક દ્વિજ રીઝ્યું નવી નારીને રૂપાળી જાણી,

જોબનના મદે ફાંધું કાંક ધૂળ ધાણી છે;
કાંક વળી સંતતિની અશાએ ઓઢયું છે આળું,
સખાને ચઢાવ્યે કાંક હાથે હુળી આણીછે;
સદનના સંપ તણો સ્વપ્ને ન વિચાર કર્યો,
પાછળની લાજ લાખ ટકાની લુંટાણી છે. ૧૦
વરસ બે વરસ તો બેગુ ચાલ્યું ભુવનમાં.
મોટી કેરૂં માન હજું નથી નવું બાળ છે;
દશ વીશ દિવસ રહી જાય પિયરમાં,
સ્વામીથી સતાની ફૂરે -હદે-ન રસાળ છે.
અંતરને બાહ્યથી નવી જુની રાખે નેહડો,
સમજે ન મારૂં તારૂં મનડું મયાળ છે;
પતિનું પિછાનન ન પ્રેમનો અંકુર ઉગ્યો,
પરમ શરમ તણી આડે આવી પાળ છે. ૧૧
સાંજે આણે તૈયાર બનીને આવે તરૂણી તો,
ચંચળ ચતુરા તણાં લોચન વિશાળ છે.
નીરખી ન જાય જુની જુવતીથી સદનમાં;
કોપે પરછાયો છાનો વિવિધ બ્યાળ છે;
ધણીની માનીતી બની ધમકાવે દિઠે નથી,
તૃણ વત લેખે ત્રિયા ક્રૂર કળિકાળ છે;
સ્વાભાવિક સંભવ થયો છે અણનાવ તણો;
પેખે છે પરસપર સદનમાં સાલ છે., ૧૨
પિયર પળાવાને પ્રયાસ કરે એક બીજી,
પ્રસંગે પ્રસંગે પોતે પતિને ભંભેરે છે;
સાચા જુઠા શોક્ય તણા સ્વામીને બતાવે વાંક,
જાણે કોઇ પેર કંપ ઉસું દલ કરે છે;
ઘર રણ થાય ગોરી એક એકનાથી જાદે,
પ્રપંચ રચીને ચિત્ત ઠેલા માંહી ઠરે છે;
નવાં નવાં નખરાં કરેછે નથી નાવ કને,

જુનીથી ન ઉરવાયે આંખે ઝેર ઝરે છં. ૧૩

ઇંદ્રવજ્રા.

જેવો અહી ગાળને મેળ આવે,
તાજો વરૂ—વાંચે સમું તકાવે;
પાડા લઢે પંચના જેમ દાવે,
શોકગો તણો તાલ તેવો સુહાવે. ૧૪

મનહર.

કોક દિન આભ્રગુને માટે સળગાવે કલેશ,
કોક દિન લઢવાને ઘરેણાંનું મિશ છે;
કોક દિન સદનના કામ માટે બાઝે છે બે,
વાંધા પાડી વાતમાં ને જુદાની દે વિષ છે;
ગુમાનમાં એક બીજી ફરે ફુલાવે અને,
ચલણ ચલાવવાને આતુર અતિશ છે;
દોઢ ડાહી થાય દારા ડહાપણ તો ડોળવાને,
મ્હેણાં મ્હેણી આવે નિત્ય હૃદયમાં રીસ છે. ૧૫
જુની નારી જકડીથી ને જુવાનીના જોર વાળી.
મદિત મોભની ઘરબાર બધું હાથ છે;
કાઢી મ્હેલે કંથનો ખોનગીનો ઉચાટ કરે,
ફુકગનામાની બીકે ઓશિયાળો નાથ છે;
કમી છે કમાણી અને ખરચનો બાંધ્યું ખાસું,
પાસે નથી પુંજી પુરી પિયુને પંચાત છે;
જુદી ન રખાય જુની કંથ ચાહવાય કરે,
નવી ન નિભાવે ભેગું નાગણની જાત છે; ૧૬
કામણ ભરેલી નવી કડી તણી કામિનિ તે,
કામની ભરેલી નવ યોવના ઠમારી છે;
તારો મદ ગાતી રાતી કુસુમની કળી જાણે,
હળવે ઉતરે રતન આંખડી ચાટરી છે;
વિધૂ જેવું વદન વિલોકીરતિ પતિ રીઝે,

કંથ વશ કીધો મારી મોહની કટારી છે;
જુનીનું છે જોર તોય નવીનાં લાગેલાં નેન,
હસીલીની સાથે રંગ રજની ગુજારી છે. ૧૭

ઉપજાતી.

શિયાળને હાથ શિકાર આવે, ક્યાં કેશરી કામ તેનો સમાવે;
નવી તણી સાથ હશિ કંથ બોલે, વાગે વડી નારિને તીર તોલે. ૧૮

મનહર.

કંથડો કરે છે ક્રિડા નિરાંતે નવીની સાથે,
જોતાં જુની જુવતીને ઉરે ઝેર આવ્યું છે;
એતો ઉચરી ન શકી વદનથી આપે પણ,
ધણીને ઉઘાડું માટ ગોળનું બતાવ્યું છે;
જુની—વણીયરે વાટ વાળી ઘરમાંથી ખાધો ગોળ,
નારિને ન ચિન્તે સુતાં સમી સાંજે ફાવ્યું છે;
ધરે ન ફીકર કશી ઘરથકી ઘરતણી,
કહ્યું ત્યારે મૂખ કેવું તોબરો ચડાવ્યું છે ૧૯
પતિ—કંથ કહે કામની તું કાબંધ હરેલી વળી,
વડી છું વિવેકી માટે નવી નારી પળે છે;
સદન સુરક્ષિત છે વ્હાલી તારા વિનયથી,
આફ્ડ અજાણીથી શી આપદાતો ટળે છે;
જુની— જુની કહે કેમ કરી જીભની મિઠાશે રીઝું; ?
સાકર વધાથી શું મધૂરો સ્વાદ મળે છે, ?
સુની ન મુકાય ઘડી રેખવાળ સેજનાને; ॥
નિશાએ તો નવીને નિહાળી ચિત્ત ચળે છે.॥૨૦
પતિ—પતી કહે પ્રેમદા તું પરમ છે પ્યારી મને,
ભરૂંસો છે ભારી તારો સદનમાં સુંદરી;
કામકાજ કરનારી નવી તારા આગળ તો;
ઓછું ઉચરે શું આજ વિવેક તું વિસરી;
જુની—જુની કહે શીદને સંતાવો વદી સ્યાણું સ્યાણું,

નવીને ઘડાવી કાળી ગાંઠી પુંજી નિસરી;
લોળીયાને માટે થાકી લાખ હું લવારા કરી,
પ્રાતમે તમારી પેખી હાલી કરી ડીચરી. ૨૧
પતિ—કંથ કહે તુંથી તારે તરૂણી એનાથી સારી,
બટની ન આવે લાજ ગામમાં બનાડીને;
જુની—જુની કહે મનાતણો માણુકો ન દીઠો મ્હેતો,
સુરતની સાડી સોવગાવી પેરી લાડીને;
બિછુવા વિનાતો જનમારો મારો ચાલ્યે ત્વહીં,
મોરવાની જોડ આણી માનીતીને કાડીને;
નવી— નવી કહે નથી અરે નાથજીનાં નાણાં એમાં,
એતો મારા મૈયરનાં આપો શું દેખાડીને. ૨૨
જુની—જુની કહે વણિયાતી તણું આ ધીગાણું ન્યાળો,
વગર વદાવ્યાં નિચ વદવાને આવે છે;
વક્કર ન રાખે નાના મોટા તણો મંદીરમાં,
નિર્લજ ન લાજ કોની લગારે ધરાવે છે;
કામકાજ કરવામાં નથી ઢંગ ઢાળ કશ્યો,
પીલાય ગરૂઘુ એને જે કયું તે ફાવેછે:
અચિંત ખીલાના જોરે ફાવે તેમ કુદે ભેંશ!
ઠકરાણી બની મને કિંકરી ઠરાવે છે. ૨૩
નવી— નવી કહે રસોડામાં રાંધવાને પેસે ત્યારે,
પાણી છાણી વાશીદું હું વ્હેલી ઊઠી કરૂં છું;
વાસણ માંજીને વળી સાંધાની સાહીત પણ,
દળી ખાંડી ખુંડી દાંડી મુખ આગે ધરૂં છું;
પોતે એક તપેલી ઊતારી આઘી ખસે તોય.
વાંધાની વધારે ડરી ડરી ડગ ભરૂં છું;
એડાં એડાં હુકમ બજાવે બાર માસ તોય,
દાસી ઠકરાણી હું તો સદનમાં ઠરૂં છું. ૨૪
જુની—જુની કહે જોયું એનું કામ જાત જાળવીને,

હિવણનાં ભાર બેઉ કૂવે ફોડી આવે છે,
સાંચ્યુ સિંચ્યુ મારૂં રાંધ રસોડું બગાડયું બાળ્યું,
વાથીકામાં વેળા ગાળી ઘર બળાવે છે;
વાસણ માંજીને ત્રાંબા પીતળનાં કીધાં કાણાં,
એતો એના મૈયરમાં ઊતરે ચડાવે છે;
ઘડી વાર નવી પગ ઘરમાં ટકાવતીએ,
નવી નવી સૈયરોને સદનમાં લાવે છે. ૨૫

## ઝુલણા.

શાં કહું શ્યામ એ લાડીનાં લક્ષણો, તાપ નવ તગ તણો લેશ લાગે;
આપ નવ હાથથી આપ મ્હેલે જરા, રૂપના ગર્વમાં રોજ ભાગે
ચંદ ચુંદડી તગે ચાંદગિબિ આણીઆં, લોક પાછળ વદે બાણ વાગે;
કાંય ચાલે નહી જોર પોતા તણું, મોહી રહ્યા માનની મૂખ આગે. ૨૬

## કુંડળીઓ.

નવાઇની લાવ્યા નવી, મુજ કર્મે કર્યું જોર,
ગદ્દિયરીએ માબાગ નહીં. સાસરીએ પતિ ઢોર;
સાસરીએ પતિ ઢોર, શોકયની સાચી શૂળી,
રે ! જનની શિર જાણી, મુકી મનખામાં પુળી;
જન્મારો જવો કઠણ, જ્યાં મૂરખ નિજ માનવી,
પતિ શત્રૂ પુર્વે તણા, નવાઇની લાવ્યા નવી. ૨૭

## મનહર

પતિ—પતિ કહે જુની તું જરૂર છે જક્કીલી નારી,
રાઢની રસીલી જ્યાહે ઝઘડીનુ જોર છે;
આદેખાઇ તણા ઊદગાર છે ઊધાડા તારા,
ભાર તારો ભાગવાને સુંદરી આ રહોર છો;
નવીને નકામી મુખે શિક્ષણ દે સામી થવા,
કલેશ શું ઊકેલે આ પ્રભાત તણો પ્હોર છે;
કહ્યું માની મારૂં તારી રસનાને રાખ વારી,
ખરને તો ડમણું ને સિંહને ટકોર છે. ૨૮

જુની—જુની કહે નવીતો ન એકે અવગુણ આવે,
દોષ મારા દુર્ગુણ નિત કેવા ભાખે છે;
મ્હોર હાંડે પોઢી કહ્યાં પલંગથી પટરાણી,
તેને તો કેવાણુ નથી મુજને અડાવે છે;
માનીતીનું મુખ સાચવે છે આ નિહાળો ન્યાય,
હાથે ફરી કંથ મને હળવી પડાવે છે;
(અરે!) પતિ વશ્ય કર્યા રાંડે પોપટ બનાવી દીધો,
(કેવી) ધણીની માનીતી ઘેડી ગાગ અભડાવે છે. ૨૯

## ઉપજાતિ.

કવી—ઝેરી જુનીની સુણી મધ વાણી,
નવી પછી પુર્ણ ક્રોધે ભરાણી;
વદી ચડું વેણ ત્યાં હઠ વાળી,
નવી—જુની તું તો સર્પ જેવી સુંવાળી. ૩૦

## મનહર.

બેઠી બેઠી ખાઝવાનાં બ્હાનાં શોધે સુંદરી શું ?
જ્યાદે આ ઝેરીલી તને ઝઘડાનું જોર છે;
કઠારની ભાગ્ણી ચુંકે બ્હાણાની વિલોકે વાટ,
આફરો ઉતારવા અત્યારે ચઢ્યો તોર છે;
ઉદર દુઃખે છે અને ગયી શિર ફુટવાને,
વાંઝીલી નવાંધી નારી નાગણ નઠોર છે,
પિયર પળાવા મને પ્રપંચ રચે છે પણ,
પરણેલી પ્રેમદાનો કંઠ઼ી કઠોર છે ૩૧
જુની— જુની કહે જાણી તને છકેલી ન્હોજે છાની,
લાયક તું નથી છોડી નીચની લગારરે;
પાટલેથી ખાટલે ચડવે તારો પીયુ તને
હું તો તને શીખવીશ ગણાયું ગામ બ્હારરે.
ગોવી રેશે મારી તારૂં હાવી જેવું દેખી હાચું,
હું તો સમાવું ન સમાઉં ઘડી વારરે;

વકરેલી વિધાતાએ લખણે લખીતી ક્યાંથી,
પાડી તારી ગાડીએ ન કાઢી તને બ્હારરે. ૩૨
નવી— નવી કહે નથી તારી વ્હેલે વળગીને આવી,
ગરવ ભરેલી નથી ધરાતી શું ગાજેરે;
ઊંચ અને નિચ ઓળખાય છે ઉચ્ચાર થકી,
જાત વાળી જાણી તને શીદ ચડી ચાળેરે;
પાટલાને ખાટલામાં ભાગ તેં ન જાય બાળ્યો,
પ્હેલાં પૂછી પતિએ તો ચઢી છું ઉછાળે રે;
માલ નથી માંટીમાં તે શુળીને સંભારે પણ,
પિયરીઆં મારાં તને જીવતી પ્રજાળે રે. ૩૩
જુની—જુની કહે છુંદું તારા તાતને હું છરી વડે;
મોણું તારી માવડી શું મને કરનારી છે;
ઉગમણી ભાગોળે વ્હડાવું તારા ભ્રાતને તો,
બગની ભોજાઇ કોણ નામની દેનારી છે;
કાકા કાકીને ચડાવું કાળિકાના મંદીરમાં,
મચ્છરની બીકે કોણ ઘર છોડનારી છે;
પિયરની બીક શું બતાવે મને પ્રેમદા તું;
જાણીશ ન એકલી હું ફોજ મારી બારી છે ૩૪
નવી— નવી કહે નામરદી ફોજ મેં નિહાળી તારી,
જગત અજાણ્યું નથી ફોજ તણી ઢાળે રે;
કાકાએ કુભાંડ કરી દીકરીના દામ લીધા,
રઝળીને માત મુઇ કોદરાના કાજેરે;
તાતને બાંધ્યોછે હજુ લીંબડાના ડાળે ઉંચો,
એવું તારૂં પીયર શું મૂખ કાઢી મ્હાલેરે;
માગ્યાં ધાગે ચૂરમાં શું થાય ક્યાં સગાં તારા.?
આગની બારેલા શું ઉઘાડી બાવ બાજેરે? ૩૫

ઝુલણા.

જુની— જાત વિણ ભાત તે ક્યમ પડે કાગળે,

કે કહે જુનિ નીચની નીચવાણી;
દક્ષણીને ગ્રહે તાત તારો ભરે, પેટને માટ તે નિત્ય પાણી;
ભ્રાત જેને ભમેછે કુંવારો હજું, રાખ્ય ઢાંકયું હવે પોત જાણી;
કાશદાં જે કરે તાતનો ભ્રાતને, કાકિ કેરી કહે કોણ કાણી. ૩૬

## ઉપજાતી.

ન લાજ બ્હેને રતિ ભાર ધારી, રડે બનેવી ગઇ હાથ મારી;
ફોઇ તણા ફંદ જે શોકય મારી, ભત્રિજી તેની કયમ જાય હારી. ૩૭

## મનહર.

નવી— નવી કહે એમ નવાં દાઝ વળવની તારી,
આતુર થયાથી તે શું આંબા ફળવાના છે;
એવાં તારાં મ્હેણાંથી હું, મૈયર જવાની નથી,
ચુંટી ખણે ચતુર શું વેર વળવાનાં છે?
પતિને ચડાવી તું ચઢાવે છે પ્રસંગ સાધી,
એમ તે શું માંડી તણાં માન ગળવાનાં છે?
હાકેમની પેર નિત્ય હુકમ બજાવ્યા ચહે,
જૂના ભાગાં મ્હેરવાં તેશું નિકળવાનાં છે. ૩૮

જુની— જુની કહે એહી છાશ ઉકરડે ઢોળી માગે,
હેવે મારે હાથી તું સદાય ચોટી સાસરે.
પડી કાળા નાગ તણાં ફુંક તારા પિયરમાં,
કકળેછે કાગ સુડતાળી બારે માસરે;
મહિયરમાં દિહા વિના સાસરે શું શકે કરી,
મનુષ્યની વાસ ન ભમાય પડે ત્રાસરે;
ચીગાશણી તારે હાથે આરોગે તે રહે ઉણું,
પેટ પોષવામા પુરી કરે ન કયાસરે. ૩૯

નવી— નવી કહે દાતારની દીકરી તેં દાટ વાળ્યો,
જાવાનું ઠેકાણું નથી જ્યાં જૂએ ત્યાં તાગાં છે;
પીયરમાં પ્રાપ્ર-સહાય સડતાળો તારે,
મારે અન્નપુર્ણાનાં મૈયર અજવાળાં છે,

બતરીશ દાંતવાળા કુંવર કહેવા જાણે,
ગત તાત ભ્રાતને ભત્રિજા પોબાળાળા છે;
તાજાં ખરેલી જે ન દેખી તે ખમાતું હોય,
તો ઉઅજ્ય હાથથી હઠીલી આળાકાળા છે. ૪૦

જુની— જુની કહે ચળેલીને બકવાને વધ્યો ચાળો,
ચાંચ તારી ચોળી ભ્યાઇ ઉભડીનું જોર છે;
ઓઢવાને પ્હેરવાના હરખામાં પડે છે ભાગી,
મુખ માગ્યું ચાગે ચાણી ઘણી રોગી ઢોર છે;

નવી— નવી કહે બાગો હવે ભાકતાણી સારા ભુવનમાં,
ગુવાપર ખાલ એવું કાળજું કઠોર છે;
ધરવાએ ધણીના તો કેક રાખવાને ધારે,
ચંગાગો રહે છે જાણે ચતુરનો ચોર છે. ૪૧

જુની—જુની કહે નતી પાસે મુહ તું મરાવી થાકી,
ઝાંપડી મૂકવી વળી ભૂવાને પોમારે છે;

નવી—ચાડક સિંદૂર લીંબુ ઓળગાવે દાંડી ગને,
નવી કહે જાત તારી જાદુગારી ભારે છે;

જુની—જુની કહે ધણીને ગમાડ્યો તેં ધીનેજી ગાંડો,
બહીતાં બહીતાં બાયલા તે હાજીહા ઉચ્ચારે છે;
જેણે મૂકી લાજ તેને ઘેર નાનું રાજ આજ,
નાગું ન લુંટાય સો સો ઘોડા એવા હારે છે. ૪૨

નવી— નવી કહે નાગી તો નાખી તું જણાય નારી,
જુએ વાર પરવન જોગણી શી જાગી છું;
કેટી કેટી કામણનાં કપટ રચીને થાકી,
મેલડીનો ચેપ નથી મહાસતી અભાગી છું:
સ્યાણી હતી ત્યારે શીદ આવવાને દીધી શોકય,
હવે પેટ બાળે કે નકામી નારી નાગી છું;
જુની તારી જાન તણું જોર ભાગે જદુપતી,
શત્રુ બની શીદ મારી પુંઠે તું લાગી છું. ૪૩

જુની— ઉપજાતી.

શિયા! કરશો કામનિ કાય તારી, રાંડ્યા શિખ્યાની બની બોગંદાગી;
ખાલી કર્યું તાતનું દ્વાર ખાલી, કયે પડાવી દિવ્ય કર્કે માગી. ૪૪

મનહર.

જુની કહે સંકટ અધીન માંડયું સદનમેં,
કરીને કસર કરે અપૂર્ણ વ્યાજ દારમાં;
તૈયાર રસોઇ જમવાને આવી જગ જેવી,
કુમજે થઇને કંથ બેઠો છે કરારમાં;
થોડું ઘણું કીધું તે પ્રયાગમાં ફર્યું છે પાણી,
પાતક પ્રગટયો પૂરો સુખદ સંસારમાં;
ઘુવડ બનાવ્યો કોડ ફૂવડે ગળાવી જીભ,
પશુ જેવો પશુ શુછે ભાન ભરથારમાં. ૪૫
તાજું થયું તેતરતો કાડીની કમાણીવડે,
તરૂણા તું મ્હાલે પણ કાયા મરી તૂટિ છે;
ભોગવે ભોરિંગ દર ઉંદરનું સુંદર તો,
સિંહનો શિકાર તે શિયાળે લીધો લુંટી છે;
આ કુશ વિનાની ભરે ઉંડળ તો વાદળમાં,
છત્રમાં છકીને નવી નારી બની છુટિ છે;
નવલ છંદીએ ગાંડ્યા નવા નવા ચાળા હવે,
કયે મૂકી વ્હેતી એની ચારે આંખો ફુટી છે. ૪૬
નવી—નવી કહે સંકટની નિચ્ચે શાન જાય તે તો;
મન જાણે ભાર તાણ્યો કીધું કામ ભારી તો;
ટીટોડી બરાવે ઊંચા ટાંગીઆ તરૂની સાથે,
ઉર જાણે આમ કીધું ફુલે શું વિચારી તો;
પાવશ બેઠેથી બગ પાંજરા હોય પ્રેમદા તો,
હુકમમાં રાખ્ય નાર શેઠાણી ન મારી તો:
હું તો નહીં અંગ્રાળી તનક તારા તેજ માંહી,
જાણીશ ન રહીશ હું દાસી બની તારી તો. ૪૭

જુની—જુની કહે ગાંડી મૂખ નીરખીને મોઢી રણો,
ખમ્મા ખમ્મા કરે જાણે ખરો છે ખવાસરે;
તે તો તારા વદનનાં વીણી વીણી લેશે વેણુ.
તરૂણી પછાડ તારો તોર તેની પાસ રે;
નવી—નવી કહે નામજાદી જાત શું પ્રકાશે જાણી,
ભીખારીની દીકરી તે શી કરે ભત્રાઇ તું;
હડાળાની કુતરીને હડકવા હાલ્યો જાણે,
મુજને છેડીને સાર કા'ડીશ ન કાંઇ તું. ૪૮

કવિ—જુનીએ ઊઠીને જંટીઆં નવીનાં ઝાલ્યાં,
મુક્કીઓનો માર માર્યો કેડે વાંકી વાળીને;
નવીએ લગાવી ચૂડી જુની તણી ભમરમાં,
કરી અદખોખરી ત્યાં કંથ વારે ઝાલીને:
જુનીએ ઇટાળો ગારી ચુતી કરી ચતુરાને,
નવીએ તકાવ્યો નઝો પાષાણુ ઉછાળીને;
ધોકણું લેવાને ધશી એક ઓરડામાં ત્યારે,
મૂશળ ઊપાડી બેઠી બીજી લાગ ન્યાળીને. ૪૯
ઓકડાની પેર બાઝી ચતુરાઓ ચોક વિચ,
ચોટલાના કેશ છુટા મૂલે ભાન ભાળીને:
ચીર તણાં ચીંદરડાં ચરણે વિંટાય અને,
સામે સાગા સાંઢ જાણે તકુકે છે ચાલીને;
ચીસા ચીસ સુણી ઉઠયો કામાનંદ રીસ કરી,
બનેને પછાડી પછી બાથ માંહી ઘાલીને;
આદાપાક આપ્યો ઉઠી કંથને બે કામનીઓ,
ભાલમાં લગાવી ગોદા બેઠી છેડો વાળીને. ૫૦
ઝાહેર ત્યાં ચોક વિચ છેડો વાળી બેઠી જુની,
લાખો ત્યાં ભરાયા લોક બવાડો એ બાળવા;
નવીએ તો મૂખ વાળ્યું ઓસરીને એક ખુણે,
વિલાપ કરીને લાગી છાજીઆંજ વાળવા;

કંયે કુટવાને માંડયું એકાએક કાળ ત્રિને,
હાંસી કરી લોક લાગ્યા પતિને પ્રજાળવા;
મશ્કરા ટોળે મળી જુવે ટોળ–વિચીત્ર કરીને ડોળ,
રમે છે ગોપીને ક્હાન, લાજ ધન ટાળવી. ૫૧
પતિ––કંથ કહે કરમ ફુટેલું મારૂં પરમ તે,
દ્વિત્રિયાનો જાણી બુજી હાર્યો મેં બળાપ રે;
વેગળા વકારીને રહ્યા વકારનાર હવે,
વેડવા ન આવે કોઇ સંકટ આમાપરે;
હાથનાં કરેલાં હૈયે વાગ્યાં કહું પીડા કોને,
પરણવા જતાં સામો મળીયો ન સાપરે:
પાનું ખોઝે પ્રભુજીતો પુરણ હું માનું પાડ,
જનમારો જાસે કેમ અરે મારા બાપરે. ૫૨
જોગનના મદમાં મેં જોયું નહીં હાય જરા,
અજ્ઞાનની આંધી આવી ભૂલ્યો મારા ભોગથી;
સજ્જનની શીખ કશી સારી નવ કાન ધારી,
ઉંધું કૃત્ય કીધું રહેજ પૂરવના યોગથી;
દ્વિત્રિયાના દુઃખે મારી સત્વર સુકાણી કાયા,
આ જીવ્યાથી મરવું ભલુંજ ક્ષય રોગથી:
છૂટી પડયું જીવન આ છોકરાં હસે છે કેડે,
મ્હા સુખ ટાળ્યો મને રાંડાએ ઉદ્યોગથી. ૫૩

## કુંડળીઓ

નવી–– નવી કહે આ નાવલો, કર્યાં રાખ્યો તો કર્મ,
બાવીસેં ઘરમાં વળ્યો દાટ હશે શું ધર્મ;
દાટ હશે શું ધર્મ બાળિયા બીજા બરડા,
બ્રાહ્મણ ભાગે રોજ બૈરાંઓ કેરા બરકા;
શેર ગળે સુખથી નહીં, એ કુળથીજ કૂવો ભલો,
મ્હા સુખ ગળીઓ માતને, નવી કહે આ નાવલો. ૫૪
થળી નીરખી શોકયની, નિજ મોટાઇને માટ,

નૂરજી લાજના લોભથી, ઘડયો સુતાનો ઘાટ;
ઘડયો સુતાનો ઘાટ, આગ આ કૂળમાં મ્હેલી,
આશીશ ન મળીયુ અલ્પ; મરો માતા મુજ ઘેલી;
ચિતમાં પરમ ચિતા બળે, સાચરી ફેરણ શોકની,
જ્યાં સૂખ માંડી નામનો, શુળી નિરખી શોકયની ૫૫

મનહર.

નણી કહે માન પિતા મરજો નખોદિયાં તે,
મૂરખ પિયરીયાં પુરન તણાં વ્હેરી આ:
શોકય તણી શૂળીમાં પરોવી પ્રાણ લીધા તાતે,
જનનીએ ગળાશુંથી શે ન પાસ ફેરીઆ;
વિરા તારો વંશ જજો લાજ તજી લોભીઆ તે,
સંકટના સાગરમાં બાગનીને ઘેરીઆ;
જડા મૂળ જજો ગોર ગોઝારાએ ઘાટ ઘડયો.
અંગારામાં ભારતા શું ગંગળાની ફેરીઆ. ૫૬

જુની—જુની કહે સાસુ તારૂં સત્યાનાશ શે ન ગયુ,
સસરાને શૂળીએ ચડાવુ વ્હેર વાળ્યું આ;
જમને બળાવુ જેઠ, ઠેઠ સળગાવી મને,
દિયરનો દાટ જજો, જીવતર બાળ્યું આ;
વિષધર ડંખજો રે સ્વામીના સખાને સાથે,
નનૈયા થવાના શોખે–કીધું કામ કાળુ આ;
નાચંદ દેરાણી ને જેઠાણી જજો નરકમાં,
શોકય તણો ભાલો આણી સગાંએ ઉકાળ્યું આ. ૫૭

ઉપજાતી.

સ્વર્ગે ગયો તાત વરાવિ બેટી, માએ મરી માગ દે કીધ બેટી;
કરે પતી સોડનો ઘાવ સાધી, કર્મે શૂળી શોકયની સધ લાધી. ૫૮
ગારૂં મને કોય કે'નાર નાંહી, અરે હવે દેવ હું જાઉં કયાંહી;
કોને કરૂં દાદ ફર્યાદ બાપી, દે જે ધરા માગ ટાળી ઉપાધી. ૫૯

### મનહર છંદ.

— જુની અને નવી તણો ઝઘડો ગયાઘ્ર રહ્યો,
વિશ્વમાં કદાચ પુરૂં કંથ તણું કાટલું;
જુની કહે જુઓ મુઓ ગોઠી રહ્યો આવડીને,
નવી કહે નીરખે છે ચતુરાનું ચાટલું;
તમાસો જોનારા લોક ટીખળ તમામ કરે,
કોઈ કહે વંચાય છે ગોળ તણું માટલું;
જુનીને વકારે અને નવીને વકારે કોય,
કોક વળિ વાંક કાઢે કંથ દિસે કાટલું. ૬૦

પતિ— કંટાળીને કંથ પછી જુનીને કે' જંપ હવે,
મ્હેણાં મ્હેણી મૂકી તું છબીલી રહે છાનીરે;
ઉચરે શું વેણ કોળી કાછિયાના વદનથી,
વ્યરથ વગોણું કરે સાર નથી શ્યાણીરે;
પરભારી ચાકરીની પેર લહે પ્રેમદા તું,
પાકને નિપાવ મ્હેલ ન્હાવા ઉનું પાણીરે;
લડતાં તો લાજ જરા, પડોશી આવે છે વાજ,
શેરીએ ભરાયા લોક ટીખળી તોફાનીરે. ૬૧

જુની— જુની કહે દેશો નહીં નાગ મારૂં લેશ હવે,
તમે તો તમારૂં ધણી પોત રાખો ઢાંકીરે;
માનીતી રાણીના મૂખમાંથી તો ગરે છે ફૂલ,
તેને તો કે'વાતું નથી અહીંયાં હતું બાકીરે;
નવી નારી વ્હાલી અને જુની હું તો ઝેર જેવી,
ત્રેવડો છો ક્યારે બેને બરોબર રાખીરે;
કામકાજ કરનારી હું તો જાણે દાશી જેવી,
રંગ ભોગ માણનારી પેલી મારી કાકીરે. ૬૨

પતિ— કંથ કહે કાગની તું શીદને વધારે કલેશ,
રૂધીર ઉકાળી શીદ શીરે ધૂળ ઘાલે છે;
કંચૂકમાં પડ્યું તે ન પડ્યું કદિ થાય પાણી,

સદન સદન શોક્યો નાતમાં નિહાળે છે;
નવાઇની નથી તારા ઉપર હું ભાગ્યો નથી,
ભામની ભચાડો તારો દાંડી ઢોકો બાજે છે;
ચૂકીને વદે છે તો હું ચતુરા કરીશ ચૂરો,
ચૌદમું રતન લેવા શીદ રાડ પાડે છે. ૬૩

જુની— જુની કહે આપો અમ આભ્રણ હું દેશ જુદી,
આંખે ન ખમાય કાઢવાના કૂદકા છે;
ચૌદમું તો રત્ન આપો વ્હાલી વનિતાને હવે,
મેં તો સહ્યા લગડકા ઘણાક તમારા છે;
હુકમ પછાડો હેતે નવી નારી ઉપર તો,
જેના નયનમાં તગે નવ લક્ષ તારા છે;
નવી નારી બત્રીશી તો રૂડી બગડાવશે તે,
ખાંતે ખાંતે ખાજો આજ-કાલ ક્યાં ઉધારા છે. ૬૪

પતિ— કાયર થઇને પછી કંથ ત્યાં નવીને કહે,
હજું ફૂટવાનું તારૂં ભાગની કયાં ભાગે છે;
સતાર ન સુજે તને રાઢ તજી રાંધવાનું,
જેમ જોગ વારૂં તેમ જોર તને જાગે છે;
ધાંચણ ને મોચણ હગાવી તેં હસાવ્યા લોક,
કાઢે છે કુવાક્ય મૂખે હાથે માર માગે છે;
સહન ન કરી શકે વડી તણું વેણ એકે,
કાળઝારી કેમ તને ક્લેશ વ્હાલો લાગે છે. ૬૫

નવી— નાશીકા ફુલાવી વદી ભ્રમર ચડાવી નવી,
બાગ ગારો બાજ્યો ભરથાર હાથ ઝાલીને;
ચસણ નહોતું ત્યારે પરણવા આવ્યા શીદ,
બેસવું'તું જુની જાયા તણું મૂખ ન્યાળીને;
મારા મનખાના કર્યા કાંકરા અભાગી આમ,
સુખ નથી દીઠું ક્ષણ રહું મન વાળીને;
સુડાથી તો મુડો રૂડો ઢંગ નથી ધણી તુમાં,

ગને શું બોલાવે છે બોલાવ્યુ પેલી વ્હાલીને. ૬૬
કંચનનો ચૂડો રૂડો હાથે નથી પ્હેર્યો હશી,
કંઠ સોવરાવ્યો નથી હીરા તણા હારથી;
નવ નવાં ચીર નથી ધાર્યાં કદિ નેહ ધરી,
હશી વશી બેઠી નથી ભુંડા ભરથારથી;
ભાવતું ન ભોજન આરોગ્યું કદિ ભાવ ધરી,
સળગતી હોળી તારા ઘરમાં સવારથી;
ધીક્કી હું સમય છું પરાઈ પણી તાહસથી,
રૂડું કેદખાનું આ નરા ઘરબારથી. ૬૭

## મનહર.

જુનીથી હંકાયો અને નવીએ હાંકીને કાંડયો,
તૃણુ તણે તોલ થયો તરૂણિના આગળે;
મીણના માટીનો કાંક બારતોલ ભુવનમાં,
એથી પણ હળવો હું હરી !! થાશે શી વ્હલે;
પાષાણની પ્રતિમાનું માન સારૂં મુજ થકી,
આળએકી છબિઓ ભુંડો હું ભૂમિ તળે;
બેમાં નથી કેતી એકે મ્હારો મને વદનથી,
દીનાનાથ તારા વિના કોણુ દુઃખ આદળે. ૬૮

કમાનંદ ક્રોધ કરી ધોકો લઈ ધાયો પછી,
નવી તણી કેડો ભાગી પૂરે પૂરી રીસથી;
પડતાળી પૂરી પછી જુનીને ઝપાટા સાથે,
બરાડે આદુગડી બે ચતુરાઓ ચીસથી;
નવીનું લલાટ તુટયું જુની તણું શીશ ફુડયું,
કથ કકડાવે દંત આંખો ફાટી રીસથી;
જુની કહે જીવ તને આપું આજ જોતાં જોતાં,
નવી કહે કરાવું નિરાંત દાંત પીસતી. ૬૯
કૂવે પડવાને દોડી જુની જોતાં આલગને,
નવીએ ઉપાડી ટાંકુ પડવા તકાવ્યું છે;

કાયર થઇને કંથે એકાએક ક્રોધ વિષે,
દોરડામાં ફાંસો ખાવા મનતે દોડાવ્યું છે;
સાવધાન થઇને સગાંએ ઝાલ્યાં જોર કરી,
શાંત પાડી પાડોશીએ પાણીઆણી પાયું છે:
કોઇ વારે પ્રેમદાને કોઇ વારે પુરૂષને,
જુદા પાડી ઓલવાણુ ક્લેશનુ કરાવ્યું છે. ૭૦

મશ્કરો— **કુંડળિઓ.**

માટીના ચુલા બધે, નથી નવાઈ આ ઘેર,
લાજ વગરના લોક આ, ભરાય જોવા પેર;
ભરાય જોવા પેર રાઢીયું માંડયું રાણે,
વીંછીના વેદના, જેહ વેઠે તે જાણે;
પરણો બે બે પ્રેમદા, લ્હાણુ જુઓ કેવી લધે,
માણ્યા વિણ શું જાણશો, માટીના ચૂલા બધે. ૭૧

કવિ— **ઝુલણા.**

કોક જુની તણો વાંક કાઢી કહે, છે નવી છેક નિષ્પાપ નારી;
કોક નવિને કહે લાજ ગરજના હિણુ, જુગતિ જોતાં જુની છેજ સારી.
કોકતો વાંક કાઢે વળી કંથનો, બુદ્ધિ હીણુ બાયલો છેક ધારી;
કોક કે' રગ ગ પોત સરખાં દિસે, નાતનો ચાલછે નાશકારી. ૭૨

**મનહર.**

જુનીએ તો જુદો ચુલો આગળને ગાળે કીધો,
મુગત બારેલીએ ન કહ્યું કોનું માનીયું;
નવી પણ ન્યારી રહી પાછળને માળે એમ,
શોકગોના વિવાદે મોત પાત તણું આણીયું;
પતિ પસતાય પૂરો પરણી બે પ્રેમદાઓ,
પ્રથમથી સંકટ મેં આવડું ન જાણીયું;
રાઢ તજી એકે રાંડે રાંધીને ન આપ્યું અન્ન,
પરાણે તો પર્વ આ એકાદશીનું આવીયું. ૭૩
ન્યુગાઓ જાય ફરિયાદ ચાલી શેઠ પાસે,

કોઈ ઠેરે ઓસુ ભાર ભરવાનો બાયશી,
વિવેક તજીને કરે ગાળા તરૂ કરવાની,
કરી આપો સુખ માનનીયો લાગે ગાગવા;
આગળાને ઉપરાણું બઠને લઉછે શેઠ,
દમ દેઇ બેસેછે અભાગીને દબાવવા;
પ્રેમદાની પંજાણી બટ કેરો જીવ જાણુ,
કામનીનો ફેર કેથ જાયછે છૂપાવવા. ૭૪
ચડસમાં ચતુરાએ કંથને પડાવી ચીસ,
વેળાસર દુકાને વિચરતાં ન ધ્યાવીયું;
દોઢપોર રાતે થાકયો પાકયો આવે ઘેર ત્યારે,
બિડેલું કમાડ ઉઠી એકે ન ઉઘાડીયું;
કંઇક વાર સગાના સદનમાં રહેછે પડી,
ક્લેશથી કંટાળી વળી વીશીમાં નિભાવિયું;
ચીવટમાં ચાકરીની ઉપરથી ઉઠયું ચિત્ત,
શેઠે દીધું શ્રીફળ એ ફળ અંત્યે આવીયું. ૭૫

## ઉપજાતિ.

નિશ્ચે નવિનાં પગલાં નકારાં જુની તણું એ નથિ ભાગ સારાં;
કુકર્મી કંથે કરિ કલેશ વૃદ્ધી, વિનાશ કીધી ઘરની સમૃદ્ધી. ૭૬

## મનહર.

વડું વેર પડયું અન દાંતને તો આળયમાં,
ખાન પાન ખોયું ગાન ભંગ થયા જાય છે;
ગારી લપડાકો સૂઝ ગતુ મળે માનવીમાં,
બાર રાખે બ્હાર પગ ઘરમાં ન કાંઇ છે;
અંટોળાની પેર આગળાપ આધો પાછો અને,
દેવદાર થયો એજ આબરૂ લૂંટાઇ છે;
કામનીના કલેશમાંથી નવરો ન પડે કદિ,
દાન દક્ષણાની પાઇ પીછ ન કમાઇ છે. ૭૭
જો સુંદરનું સ્વરૂપ આમાન લાવે, તો હારની વીચ દાસ છૂટાવે;

વિભાગ બે વસ્તુના લર્ત પાડે, કુસંપમાં ચીરને અર્ધ ફાડે. ૭૯

**મનહર.**

કહ્યું નવ થાય કેશું કંથ તણું સદનમાં,
એકે સાચવે ન વેળા આવે કહિ અણીની;
સુહાગણ દુહાગણ તણો શણો સદનમાં,
વક્કર બે રાગે ઘટ્યો ઘરનો બે જણીથી;
નવી નારી નાગણ તો જુની જોતાં વાઘણ છે,
એના કુસ્વાડામાં ન બોલાયજ ધણીથી;
મ્હેણાં સાંભળીને નેણાં નીચાં દાબે રોજનાથ,
મહાસુખ ભય ભાળે ચારે દિશા ભણીથી. ૭૯
ભરમ બે ભામનીએ ભગ્યો ભરથાર તણો,
ગનન કરે છે ત્યારે આંસુ આવે રાતમાં;
પેર પુરૂષાતનની જાણે પરપોળે લોક,
નવી નારી બ્યંડળ ઠરાવે ઠીક વાતમાં;
જુની નીત જીભ્હાએ વગોણાં કરે ગુણતણાં,
ફજેતી ફેલાવી નચું જોવરાવે નાતમાં;
કાયાતો સુકાય રોજ કામનીના કલેશ થકી,
મહાસુખ જોનારા કહે છે રોગ જાતમાં. ૮૦

**ઝુલણા.**

જ્યારા કરી ચાકરી કોય રાખે નહીં, અન્ય નવ આવડે એક ધંધો;
ઘેર વેપાર પણ નિત્ત વિણશી કરે, કર્જ કરી ખાયકે ખાજ ગંદો;
નોતરાંની જુએ વાટ મધ્યાન લગિ, નાંખી નિશ્વાસ પછિ ખાય મંદો,
ક્યાંથકી કોડીએ કણ ભરેજર વિના, કામની શું દએ કંથ અંધો ૮૧

**મનહર.**

સુડીની વચ્ચે સોપારી ઘરમાંતો ઘાટ એવો,
રજકનો શ્વાન જાણે ઘાટનો નવાટનો;
હડકાયો કૂતરો કે હરાયું જ ઢોર જાણે,
અવતાર ચોરનો ઉજાગરો ઉચાટનો.

ભાર રાખી બ્હાર ફરે ઘરમાં ગુલામ જાણે,
મુખ રાખી માનનીનાં થાકે હાલા હાલને;
એ સ્વભાવનો સ્વામી કોઇ સુખી નથી. મ્હા સુખ.
ભલે હોય ભીખારી કે ભોગી રાજ્ય પાટનો. ૮૨
કોઇ ઘર નવીની રસોઇ આપે આરોગેતો,
જુની નારી જાણીને ત્યાં ઝઘડો જગાડે છે;
જુની તણા હાથે જળ પીધું હોય હેતમાંતો,
નવી કાંઈ ક્હાનું કાઢી લક્ષણ લગાડે છે;
એક તણી સાથે હશી બોલે કદિ હરખમાં,
જાતાં બીજી બણસું વગોણાનું વગાડે છે;
જીરવાય નહીં તેવો જુલમ એ જુવતીનો,
શોક્ય તણી રીસે ખાટ ધણીની બગાડે છે. ૮૩
જોબની જાગશ કદિ આણી આપે એકનેતો,
ઝરખ્યાળી આંખે બીજી બમણી તકાવે છે;
ઘરાણું કે ગરથ જે સુંનાં હોય રાજનાગં,
જેને હાથે આવે તે તો પુરૂં તે પચાવે છે;
સાજે માટે સ્વરગમાં સમાન રહેછે પણ,
ગણુગ્યંભ ચાકરીની વેળાએ રચાવે છે;
એવડ ન કરે એકે તરૂણી તપાશી તાજો,
સુવાની પહેલાં નિત્ય મ્હોકણ મલાવે છે. ૮૪

## ઝુલણા.

સ્નાન શીતળ જળે સઘ સ્વામી કરે,
કોય ન્હાવા ઉનું દે ન પાણી;
ખાય અંગારમાં હાથથી શેકિને,
કોક દિન ધગય છે ફાકિ ધાણી;
કેક દિન મિત્રને ઘેર ભોજન કરે,
આપ ઉગ્યો રહે કલેશ આણી;
તોય દારા દયાળુ દિલ વિશે નેવ ધરે,

કેમ પોતા તણો કર જાણી ... ૮૫

મનહર.

ઢંગ ભગડ્યો ધણી ધારેલો ન રાખે ટેક,
પળમાં જુનીને ભણે પ્રેમદા તું પ્યારી છે;
ગગડતાં ગોળાને લે નવી સમજાવે કંઈ,
જુનીને ઠુંઠારી કહે નવી નારી સારી છે;
ગહિયરથી લાવે તે માનીતી રહે માસ એક,
ઘડીમાં વેપારી અને ઘડીમાં ભીખારી છે;
ત્રણે તણો જુદો જીવ મન ન મળેલું તેનું,
સદનમાં જાણે શ્વાન મુષક મંજારી છે. ૮૬

શયન વેળાએ પાકો તાલ પડે શીડી વીચ,
નવી જુની નાથ તણી તાણા તાણી કરે છે;
શીશ તણી શીખા તાણે નવી નારી ઉપરથી,
જુની ઝાલે ચરણને કંથ થરથરે છે;
કાયર થઈને કરે ઓકો ચોક વિચ ત્યારે,
પ્રેમદાનાં પેટ પછી ઠેઠ સુધી ઠરે છે;
ભાવતું ન ભોજન જમાડે કોઈ ભાવ કરી,
જોઈતું ન મળે જળ ચિત્ત ચરચરે છે. ૮૭

શયનની સેજડીમાં શૂળો વાગે મ્હેણાં રૂપી,
સુખની વેળાએતો દુઃખોદ્ગાર થાય છે;
એકની સંગાથે રેણી સુખમાં ગુજારે ત્યારે,
ઝંપાપાત કરવાને જાણી બીજી જાય છે;
કાયર થઈને કહિ કાઢી મ્હેલે એકનેતો,
ઘરૂણી ખોરાકી લેવા દરબારે ધાય છે;
ઉભયને ભોગવતાં ભોગ બગ્ગાર તણા,
મ્હોચ નથી રે'તી પતિ ઠુંઠીચાર થાય છે. ૮૮

વશ કરવાને રચે કવશ ઉપાય કાંગા,
ખાજમાં અખાજ બીજી ખાતે ખવરાવે છે;

ઘુવડીએ બધે જોગી આસે જડી કુડી સેવા,
સુતારા રંગમાં મન પુતળાંજ દાસે છે;
એમ એક બેસે નિત્ય દોસ માહેલિયા કેરા,
જયુશ ગુમાવી વળી લાજમેં લુટાવે છે;
પ્રજા પામવાને કરે પ્રયાસ પ્રપંચ તણા,
શિયળનો ભંગ કરી મહાસુખ આવે છે. ૮૯
કોઇને ન કહી શકે કંથ ઓશીયાળો જાણે,
મુંઝારણ મનની તો મનનીજ માંહ છે;
ગુપતનું ગુમડું તે બતાવી શકાય કોને,
કૂપ તણી છાંયડી તે કૂપમાં સમાય છે.
અક્કલ વિનાનો કહે આડોશી પાડોશી સગાં,
પતરાજી કુડીને પરાયાં અળખાં થાય છે;
ટીંખળી કહે છે ભટ્ટ ત્રીજી વરો નાની તમે;
કોક કહે ચોથી વિના ચોક ન પુરાય છે. ૯૦

એક દિન ભટ્ટ જઈને સુતા અગાશી વિચ,
પવનની લ્હેર સાયંકાળે સારી ધારીને;
પાછળને બાજે નવી સુતી છે નિરાંતે રાતે,
સાંકળ વાશીછે વ્હેલી પેસવાની બારીને:
આગળનું દ્વાર કરી બંધ જુની જાતે પોઢી,
મધ્ય જાગનીએ ભટ્ટ જાગ્યા છે ખુંખારીને;
ઉભય બોલાવી દ્વાર એકે ન ઉઘાડ્યું ત્યારે,
મ્હારાજા સુતા છે અગાશીમાં મન મારીને. ૯૧
એવામાં માંઝારી ચેકી નેવ પાડ્યું છાપરાનું,
ભટ્ટના કપાળમાં એ જોર થકી વાગ્યું છે;
ઝબકીને ઉઠતાં તો ભમરામાં વેઢ વાગ્યો,
વ્યાકુળ થયું છે વપૂ ઉંધે ભાન ભાગ્યું છે;
નિચેથી વિંછીએ ડંખ દીધો ડાબા ચરણમાં,
ઉભય દુઃખોમાં ત્રીજું દાવાનળ જાગ્યું છે;

તોય તરૂણીએ તેને હોંને ન પાટો બાંધ્યો,
જીવનથી મરણુ બહુને વ્હાલું લાગ્યું છે. ૯૨
પ્રભુ પ્રત્યે કર જોડી મરણ માગે છે પીઠું,
ચતુર્ભુજ છોડાવ આ ચુડેલોના હાથથી;
દારાએ બનાવ્યો દમડીનો દીનાનાથ મને,
સંકટ ન જાય સહ્યું જીરણુ આ જાતથી;
હરવા ન દીધો મને ઠીક કરી એકે ઠામ,
નિર પીવા કદિ નવ પામ્યો હું નિરાંતથી;
હસીને કરેલાં કૃત્ય રોજ રોજ ભોગવું છું,
ઇશને ગાયે ખાધું હીકરામાં આંતથી. ૯૩
લ્હેણદારે આવી અકળાવ્યો આ અભાગીયાને,
ગિલ્કતને જપ્ત કરાવી કાઢ્યો બ્હાર છે;
વાસણ વસ્ત્ર સુદ્ધાં વ્યાજમાં હરાજ થયાં,
પોક મૂકી પોતે—પડ્યું સંકટ અપાર છે;
ક્લેશ કેરી બીકે કોય સદન ન આપે ભાડે,
નાની ઓરડીમાં આપે આવી કીધો ઠાર છે;
બીબી બટકીને પેટ ત્રણનું ભગાય રાય ભોગે,
ડાગાઓને કાઢવાને કીધો ત્યાં વિચાર છે. ૯૪
ત્રીજી વાર વરવાને આગાનંદે કોડ કર્યો,
વેવિશાળ વિસેકે કો ગરજી ગમાર છે;
પ્હેરામણી લેઇને થતું છે પુંજીવાળો વળી,
કૂળ તજી નોટને વટાવાનો વિચાર છે:
પુત્રી તણો શત્રુ કેઇ અંધ નવ આવી ચડ્યો,
તકાવે નગોદીયાનો ગાલ નિરાધાર છે;
ચતુર કહે છે ચિંતા કુંવરી જુએ છે વાટ,
કેસ ફરે ફાગણમાં પુનમ શ્રીકાર છે. ૯૫
નાવી નારીથી સહન થયું નહીં સંકટ આ,
વીતકણાં વીતવામાં કશી ન કચાસ રે;

ધાન વિના ધ્રુસકા મેલીને રડે ધરણીતો,
સુકુલીન સાસરામાં પગ ન સમાય રે;
રોતી કકળતી નાડી કાગની કડીએ પાછી,
વીસ્રા વદનથી માત તાત લખે આશરે;
ભાભીએ ત્યાં મ્હેણું માર્યું નણંદને નીચું છેક,
કરમે તું ચોંટી ગારે સગાઈ ન સાસરે. ૯૬
સુણી નખશીખ સુધી જાળા લાગી સુંદરીને,
ફુટી ભાગી છાતી કામનીએ અતિ કલેશમાં;
નણંદ ભોજાઇ તણી અતિશે લઢી છે આંખો,
નિરખી ન જાય એકે નજરે નિમિષમાં;
રીસ ભરી રામા રાતો રાત નાઠી અરણ્યમાં;
પ્રાણ તજવાને માંડ્યો કાળના આવેશમાં.
જોગી મળ્યો જંગલમાં આગળ ઉગારી તેણે,
જોગણ બનીને ચાલી ચતુરા પ્રદેશમાં. ૯૭
પિયરમાં પાળનારૂં ન્હોતું જુની જુવતીને,
પરહરી પતિએ ન રાખી કશી પરવા.
પીયરની પોળમાં નિવાસ કીધો પ્રેમદાએ,
મ્હેનત મજુરી કરી લાગી પેટ ભરવા:
પતિને વિલોકી પીડા પ્રેમદાનું પેટ બળે,
કુલીનની છોકરી લાગી છાનું દુઃખ ધરવ;
પોષણ ન થયું ત્યારે પ્રાણ તો પરાણે તજ્યો,
સગાંને સગાંથી સુણી લાગ્યાં શોક કરવા. ૯૮
સાગ સાગ લોક કરે બહેને ધીક્કાર અગે,
ઉપન્યો કલશ કામનીના પ્રાણ હરવા;
શ્રી મુખે ગારેછે મ્હેણાં લોક અજવાળ્યું કૂળ,

નવી ગેલી ચલવા ને ભુલી ભલી ચરણ;
ચરિત્ર ચતુરા તણાં ચાલન કરે છે કોક,
કાગાનંદ દીલથી અનિશે લાગ્યો ઉત્પાત;
સરીતાની તીરે ઉર્જવિત બાળી પીધું પછી,
જોગી બની જંગલમાં આવ્યો તપ કરવા. ૯૯
નવી તણા માત તાત મુખ ન બતાવે બ્હાર,
અભિમાની અંતરમાં વાગી મોટી ગોળી છે;
પતરાજી કુટવાની પંચમાંથી ટેવ તજી,
કાળું કીધું કુંવરીએ હૈયામાં એ હોળી છે;
રાત દિન રૂદયમાં રૂદન કરે છે જાણે,
ચહન પડી છે ચોરી મુખે મેંશ ચોળી છે;
પળીયાગાં ધૂળ પાડી દાટ વાળ્યો દીકરીએ,
લાખ રૂપીઆની લાજ રાખ માંહી રોળી છે. ૧૦૦
લાજતણા લાલચુને મ્હેણું પીતરાઇએ માર્યું,
ડાંપણના ડાહ્યા દુહિતાએ કુળ બોળ્યું છે;
કાળું મુખ કાઢી કાઢી કૂટે પતરાજી પણ,
કાજળમાં કુટુંબ તેં જાણીને ઝબોળ્યું છે;
શોકયપર આપી સુતા ફુલણજી ફુલતો તો,
જર ખરચીને મેં તો કુળ મોટું ખોળ્યું છે;
લાડકી કુમારી ઘરમાંથી ગૂમ થઇ બાઇ,
વડાઇ લેવાને વેર્યું તારફાનું ટાળું છે. ૧૦૧
સુણીને ડોસાએ નિજ જીભ લીધી દાંત વિચ,
પ્રાણ તજવાને માંડયો જીવન ધિક્કારીને;
વિખ તણો વાડકો પીવાને બેઠી આવડી ત્યાં,
વિવેકી વ્હાલાંએ લીધાં વિવેકે ઉગારીને;

નરી. આ-તાને કહે જનાં કરેલાં કૃત્ય પુણ્યાં મને,
લાજની આશયે ડીમો અધર્મ ખુમારીને;
અંત્યજની જાણી જૂઠી લાજે અભડાવ્યો આજ,
યોગ્ય આ સજા છે મને અંધ અહંકારીને. ૧૦૨
ઉશેટી કુવામાં ભલે ઝીકજો કુમારી પણ,
કુળના કુવામાં નવ ફાંસશો ફુલાઇને;
લાગણીની કોટડીમાં પુરજો લગીતા પણ,
શોકયવાળું સદન ન નીરખશો બાઈને;
ઘર નવ જોશો વળી વરને વિલોકયા વિના,
જર ખરચીને ખર બનશો ન ચાહીને;
કવિ— લાજ તણા લોભે ભવ બાળા તણો બાળશો ન,
રચ્યો આ ભવાડો ભાન લાવવાને બાપને. ૧૦૩
જોગી— રૂઠયા હોય રામ જેને પરણે બે પ્રેમદા તે,
સદા જેને સોનાને પાયે પનાતી બેઠી છે;
વાંકા નવે ગ્રહ તેના સદને બે સુંદરીઓ,
ભોગ જેના હોય પૂરા ભદ્રાઓ બે બેઠી છે;
કોડ ઘણી સારી કાળી કાળીકા ચઢેલી ક્રોધે,
વરામી એનાથી વિનતાઓ જેણે વેઠી છે;
સગગતી બાળી સદા પુરૂષને પનિયો બે,
મહા સુખ જવામાં એગ હોળી તણી હેઠી છે.૧૦૪
કવિ— જંપ નથી કરી બેઠા જસોદાના જાયા જેવા,
ચુકવતાં થાકે રોજ રાધા તણાં રૂસણાં,
સત્યભામા મનાયાં તો રીસાયાં છે રૂક્ષમાણી,
જાંબુવંતી તણી કોણ પુરી કરે તૃષ્ણા;
મિત્રવંદા બેસે રોજ રાઢ કરી મંદીરમાં,

આશ્રણુ કાલીંદી માગે ભદ્રાને આભુષણાં;
કંટાળીને કૃષ્ણ તેથી પ્રાગ તણે પાને પોઢ્યા,
મહા સુખ ગણાં પછી કોણ છે મનુષ્યનાં. ૧૦૫
શંકરજી જેવાને સતાવ્યા છે બે સુંદરીએ,
ધુંધવાતી ખિરજા રહે છે રોજ ધામમાં;
ગુમાન ચડાવી ફરે ગંગા રોજ ઘુંઘટમાં,
ઠીક ઠરી શિવજી ન બેસે એક ઠામમાં;
સમજાવે એકને તો બીજી બેસે ટેક ધરી,
રીસે રોઝ્યો રતી પતિ ક્લેશ જાણી કામમાં;
અંતે રાખ ચોળી વસ્યા જંગલમાં જટાધારી,
મહાસુખ ભીખી પેટ ભરે છે બે ભામમાં. ૧૦૬
કેકાઇના ક્લેશથી ન ઠરી બેઠા દસરથ,
એવું જાણી રામે એક પત્નિ વ્રત પાળ્યું છે;
સત્તાવીસ સુંદરીથી સુકાનો રહે છે શશી,
ભાનુ રહે ભટકતો બારે સુખ બાળ્યું છે;
વિષ્ણુ ને વિરંચીને નહોતી ખોટ નારીઓની,
વિચારી લક્ષ્મી–સાવીત્રિએ મન વાળ્યું છે;
ચતુરને સળગતી ચિન્તા છે બે ચતુરાઓ,
મહાસુખ સુખ રાજા રાંક તણું ટાળ્યું છે. ૧૦૭
કશ્યપના જેવા કંપ્યા કામનીના ક્લેશ થકી,
દીતીને અદીતી તણો પંથ છે ઇલાયદો;
અતિ દુઃખ પામ્યે જાતે ભૂપ ત ઉત્તાનપાત,
સુનીથા ને સોયતીનો ક્રુર અતિ કાયદો;
લોપાને મુદ્રાથી નિત્ય અગસ્ત ઉચાળા ભરે,
વિંધ્યાચળ કેરો સાચવી ન શક્યા વાયદો,

વિષયભર્યા જોવા ન વિઝામ્યા દૂર જિનતથી,
અની જેઆ જાણે એક પતિ તણો ફાયદો. ૧૦૮
જુઓ જગદીશ જેવા જગતી વિદેશ ગયો,
ધ્રુજી અને રામ વનવાસ વેઠી રહ્યા છે;
સંતતી ન બેસે સુખે વશી એક સદનમાં,
છત્ર ઝઝા અપર માતાના ઝેરે મયા છે;
ખરેખરી ઉંચની ખગણી બની એહ થકી,
કુટુંબમાં કલહ કરીને નીચ થયા છે;
રીસ ભરી રામા કામ શત્રુ તણું સહેજ સારે,
મહાસુખ દૂશીલીને દીલમાં ન દયા છે. ૧૦૯

જોગી— ઉપજાતી.

જાતાં વધો વેણ જોગી વિચારી, શિક્ષા વદુ ભ્રાતને લાભકારી;
ભોગે નહીં લાવશો અન્ય નારી, દશા વિલોકી મુજ કષ્ટકારી. ૧૧૦

કવિ— ઝુલણા છંદ.

કંઈક તરૂણી વિના પંડિતો તલસતા, મૂર્ખનો ઘેર ત્રણ ચાર મેરુ,
કઈકના વંશ વિનતા વીના જાય છે, કંઈકને ગેરાગો રે'જ ઘેરી
માટ સીદ્ધ નવે નિદ્ધ વિધ પરહરી, ચાહના કષ્ટ દારિદ્રી કરી,
એગ અંધેર ગુજરાતમાં ભ્રાત છે, કૂળની વાસના વ્યાપિ ઝેરી.૧૧૧
એક મરતાં ત્રિયા ચાર રંડાય છે, ત્રણ વાંઢા મરે વંશ ખોઈ;
કુલ નુકશાન એ નાતમાં થાય છે, કૂળનું મૂળ ગ્રહે નહિંજ કોઈ;
દંપતી ધર્મનો મર્મ ભૂલી કરે, લગ્ન અજ્ઞાનતા વીર જોઈ;
લાભ વીણ લાજના લાલચુ નવ થશો, હિત્ત શિક્ષા ગ્રહો ચિત પ્રોઈ.
નર્પનાં નહિ ગજાં અર્થમાં ખ્વારિ છે, શક્તિમાં વાત્ર—ગજ—વાજિ—હારે
ક્લેશથી દેશની દુર્દશા થાય છે, દ્વિત્રિયા દુઃખનું મૂળ ભારે;
સંપ થી રિદ્ધિ ને સિદ્ધિ સંહારશું, માટ મિત્રો વસો નહિજ ક્યારે;

એક પતિ વરી વૈભવો ભોગવો, સઘ સર્વેશ ચડશેજ વ્હારે. ૧૧૩
શોક્ય ઉપર સુતા સઘ નવ આપશો, દાન દો યોગ્યને કિર્તિ જામે
ભાગશો નહી કદી જન્મ આળા તણો, સાસરે રહી સુતા સુખ પામે
એક ઉપર બીજી પતિ જે નહિ વરો, ઠીક ઠરી બેસશો સર્વ ઠામે
રામ રાજી રહે યશ વધે વિશ્વમાં, વિનિત કરિ અર્જ મહાસુખ નામે. ૧૧૪

### કુંડળિયો.

દેશ રૂખી ડાલભ્ય કુળે, શામવેદિ સુખ ધામ,
સુખકર શાખા કૌથમી પંચ પ્રવર અભિરામ;
પંચ પ્રવર અભિરામ, પિતા દેવેશ્વર દાતા,
ભૈરવ કાળ વિખ્યાત દત્ત મહા ગૌરી માતા,
વિઘ્ન વિનાયક ગણપતી, ચતુર્થ પદ દીધું મૂળે,
ત્રિવેદિ મહાસુખરામ દ્વિજ, દેશ રૂખી ડાલભ્ય કુળે. ૧૧૫

### દોહરો.

અનુપમ અંબારામના, નિર્મળ નરભેરામ;
તત સુત મહાસુખ નામ છે, અમદાવાદ મુકામ. ૧૧૬
પિંગળ પાઠ પઢયો નથી, નથી રસશાસ્ત્ર સુજાણ;
વળી કલાના અંતહિત, મુજ મતિ અલ્પ પ્રમાણ. ૧૧૭
ઓગણી અડતાળીસનો, મનહર માગશર માસ;
રાઠ રસીક પૂરણ રચી, પંચમિ પહોંચી આશ. ૧૧૮

**સમાપ્ત.**

## સુચના,

---

આ નિબંધમાંથી હવે પછી નહિ આવે ને ઔદિચ્ય બ્રહ્મસમાજના શહ્કાર્યમાં વાપરવા વિચાર રાખ્યો છે, અને જ્ઞાતિ ભાઈઓને આડધી કિંમતે રૂ૦-૧-૬ પોસ્ટ ખરચ સાથે રોકડા પૈસા મોકલવાથી આપવામાં આવશે.

પ્રૂફ તપાસવામાં રહેલી ભૂલ્યો માટે વિદ્વાનો દરગુજર કરશો એવી આશા છે. બીજી આવૃત્તિમાં સુધારાશે.

---

## અમૂલ્ય તક ખોશો નહિ.

### औदिच्यप्रकाश અથવા श्रिस्थळ प्रकाश.

કિંમત રૂ૧-૧૨-૦ પોસ્ટેજ જુદુ. પાછળથી રૂ૫)

આ ઔદિચ્યોનું પુરાણ છે. તેના ૪૨ અધ્યાય છે. સંસ્કૃત ટાઈપમાં જુદી જુદી પ્રતો મેળવીને સટીક એક બંધૂને છપાવવાનો વિચાર છે. રોયલ આઠપેજી ૫૦૦ ઉપર પુષ્ટ થશે

જ્ઞાતિ બંધૂજનો પૈકી ૧૦૦૦ હજાર ગ્રાહકો થશે તોજ છપાવવા શરૂ થશે. નહિ મેળવવા તરફ વિચાર નથી. કેટલી પ્રતો સાથે પોતાનાં મુબારક નામ-ઠામ-ધંધો એજંટો નાનાલાલ દેવશંકર જાની—અમદાવાદ—રાયપર પખાલીની પોળ એ શીરનામે સવત ૧૯૫૦ ના ચૈત્રમાસ સુધીમાં લખી મોકલવા ચૂકશો નહિ ગયો વખત મળશે નહિં.

---